
શ્રાવકજીવનના આચારોને જણાવતો ઉત્તમ ગ્રંથ

# આચારોપદેશ




સં. : પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ.



વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાળ ગચ્છાધિપતિ
જૈન શાસનના મહાન જ્યોતિર્ધર આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા**

શ્રાવકજીવનના આચારોને જણાવતો

# આચારોપદેશ

(ગુજરાતી ભાવાર્થ સાથે)


: રચયિતા :

પૂ. આચાર્ય શ્રીરત્નસિંહસૂરિશિષ્ય

પૂ. મુનિશ્રીચારિત્રસુંદરગણી.

卐 સંપાદક 卐

વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્ય શ્રી વિજયગુણયશસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન

પૂજ્ય આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજ

પુનઃ સંસ્કારિત આવૃત્તિ
નકલ - ૧૫૦૦

: પ્રકાશન તિથિ :

પૂ. પિતાશ્રીજીની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ
વિ. સં. ૨૦૫૩ કારતક વદ ૧૦, ગુરુવાર, તા. ૫-૧૨-૯૬

: પ્રકાશક :

: પ્રાપ્તિસ્થાન :
**શાહ પુખરાજ રાયચંદ પરિવાર**

C/o પુખરાજ રાયચંદ પરિવાર
સત્યનારાયણ સોસાયટી
રામબાગ રોડ, સાબરમતી
અમદાવાદ - ૩૮૦૦૦૫

: મૂલ્ય :
**સદુપયોગ**

: મુદ્રક :
**દુંદુભિ પ્રિન્ટર્સ**
આશ્રમરોડ અમદાવાદ - ૯
ફોન : ૪૦૪૧૮૬

# પ્રાસ્તાવિકમ્

શ્રાવકોના આચારને જણાવનાર આ ગ્રંથ હોવાથી એનું 'આચારોપદેશ' નામ સાર્થક છે. દિવસના દરેક પ્રહરને અનુલક્ષી શ્રાવકે શું કરવું જોઈએ તેની અત્યંત સુંદર અસરકારક અને ઓછા શબ્દોમાં ઘણું કહી જનારી સૂત્રાત્મક શૈલીમાં કરેલી રચના એ આ ગ્રંથની વિશેષતા છે. ગ્રંથ સંસ્કૃતમાં હોવા છતાં સરળ છે, ભાષા સરળ હોવા છતાં રસાળ છે અને રસાળતાને જાળવવા જતાં ક્યાંય સિદ્ધાંત માર્ગની પકડનો ભંગ થયો નથી. આ બધી વિરલ વિશેષતાઓ જોતાં ગ્રંથકારે પોતે જ આ ગ્રંથને 'રુચિર' જણાવ્યો છે તે અનુચિત નથી જ. આજે જ્યારે શ્રાવકવર્ગમાં આચારધર્મની દુ:ખદ ઉપેક્ષા થઈ રહી છે, આચારના નામે અતિચાર અને અનાચાર સુધી પણ કેટલાક ઘસડાઈ રહ્યા છે તે સમયે આ ગ્રંથનું વાંચન - મનન ખૂબ જ ઉપકારક બનશે. સામાન્ય સંસ્કૃતનો જાણકાર પણ સહેલાઈથી અર્થ કરી જાય એવી ભાષા હોવા છતાં સંસ્કૃતના સાવ અજાણ પણ આ પ્રાસાદિક ગ્રંથવાચનથી વંચિત ન રહે તે માટે એનો સરળ ભાવાનુવાદ કરી રજુ કર્યો છે. તેમાં પણ કોઈને એકલું ગુજરાતી જ વાંચવું ગમતું હોય તેવાને સરળ પડે માટે એક પેજ પર સંસ્કૃતશ્લોકો લઈ તેની સામેના જ બીજા પેજ ઉપર તે-તે ગાથાનો ગુજરાતી ભાવાર્થ આપ્યો છે.

આ ગ્રંથની રચના પૂજ્ય આચાર્ય શ્રીરત્નસિંહસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય પૂજ્ય મુનિ શ્રીચારિત્રસુંદરગણિવર્યે કરી છે અને માંડલના દોશી તલકશી પીતાંબરે આનો બાલાવબોધ કરી છપાવેલ હતો પરંતુ તેની ભાષા-અનુવાદશૈલી આજના સંદર્ભમાં ક્લિષ્ટ લાગે તેવી હોવાથી ફરીથી ભાવાનુવાદ કર્યો છે.

સાબરમતીના ધર્મપ્રેમી આરાધક **શ્રી પુખરાજજી**ના સ્વર્ગવાસની વાર્ષિક તિથિને અનુલક્ષી આયોજિત જિનભક્તિ મહોત્સવ પ્રસંગે વ્યાખ્યાનવાચસ્પતિ સુવિશાળ ગચ્છાધિપતિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય-પ્રશિષ્યરત્નો વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિ. **ગુણયશસૂરીશ્વરજી** મહારાજા તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિ. **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાની પુણ્યનિશ્રા પ્રાપ્ત થઈ. તે પ્રસંગે શ્રાવકોના જ્ઞાનની શુદ્ધિ થાય અને સૌ કોઈ સુંદર આચાર માર્ગને પામી સન્માર્ગમાં સ્થિર થાય એ જ એક ઉદ્દેશ્યથી કોઈ ગ્રંથનું પ્રકાશન કરવાનું વિચાર્યું તેમાં પૂજ્યપાદશ્રીજીનું માર્ગદર્શન મેળવતાં આ ગ્રંથની માહિતી મળી અને અમારી ભાવનાનુસાર પૂજ્યશ્રીએ ટૂંક જ સમયમાં ભાવાનુવાદ અને સંપાદન કરી આપ્યું તે બદલ અમે તેઓશ્રીના ઋણી છીએ.

**- પુખરાજ રાયચંદ પરિવાર**

# श्री आचारोपदेशः ।

## प्रथम वर्गः ।

चिदानंद स्वरूपाय, रूपातीताय तायिने ।
परमज्योतिषे तस्मै, नमः श्रीपरमात्मने ॥१॥

पश्यन्ति योगिनो यस्य, स्वरूपं ध्यानचक्षुषा ।
दधाना मनसः शुद्धिं, तं स्तुवे परमेश्वरम् ॥२॥

जन्तवः सुखमिच्छन्ति, नुः सुखं तच्छिवे भवेत् ।
तद्ध्यानात्तन्मनःशुद्ध्या, कषायविजयेन सा ॥३॥

स इन्द्रियजयेन स्यात्, सदाचारादसौ भवेत् ।
स जायते तूपदेशान्नृणां, गुणनिबन्धनम् ॥४॥

सुबुद्धिश्चोपदेशेन, ततोऽपि च गुणोदयः ।
इत्याचारोपदेशाख्य, ग्रन्थः प्रारभ्यते मया ॥५॥

सदाचारविचारेण, रुचिरश्चतुरोचितः ।
देवानन्दकरो ग्रन्थः, श्रोतव्योऽयं शुभात्मभिः ॥६॥

पुद्गलानां परावृत्त्या, दुर्लभं जन्म मानुषम् ।
लब्ध्वा विवेकेन धर्मे, विधेयः परमादरः ॥७॥

धर्मः श्रुतोऽपि दृष्टोऽपि, कृतोऽपि कारितोऽपि च ।
अनुमोदितो नियतं, पुनात्यासप्तमं कुलम् ॥८॥

# આચારોપદેશ

## પહેલો વર્ગ

જ્ઞાનાનંદ સ્વરૂપી, રૂપરહિત, રક્ષક અને પરમ તેજસ્વી એવા શ્રી પરમાત્માને નમસ્કાર થાઓ. ૧

મનની શુદ્ધિને ધારણ કરતા એવા યોગીપુરુષો જેના સ્વરૂપને ધ્યાનરૂપી દૃષ્ટિથી જુએ છે, તે પરમેશ્વરની હું સ્તુતિ કરું છું. ૨.

પ્રાણીયો જે સુખને ઇચ્છે છે તે સુખ તો મોક્ષમાં હોય છે. તે મોક્ષસુખ ધ્યાનથી પ્રાપ્ત થાય છે. ધ્યાન મનની શુદ્ધિથી થાય છે અને મનશુદ્ધિ કષાયો ઉપર વિજય મેળવવાથી થાય છે. ૩.

કષાયોનો જય ઈંદ્રિયજયથી થાય, ઈંદ્રિયજય સદાચારોથી થાય, સદાચારની પ્રાપ્તિ ઉપદેશથી થાય, જે ઉપદેશ મનુષ્યોને ગુણપ્રાપ્તિમાં હેતુ છે. ૪

ઉપદેશથી સદ્‌બુદ્ધિ થાય, તેના વડે ગુણનો ઉદય થાય, માટે હું આચારોપદેશ નામના આ ગ્રંથની રચના કરું છું. ૫

સદાચારના વિચારથી રુચિકર, ચતુર લોકોને ઉચિત અને દેવને આનંદકારી એવો આ ગ્રંથ પુણ્યાત્માઓએ સાંભળવો. ૬

પુદ્‌ગલ પરાવર્તો જેવા લાંબા કાળમાં પણ દુર્લભ એવા મનુષ્ય જન્મને પામીને વિવેકથી ધર્મમાં પરમ આદર કરવો જોઈએ. ૭

સાંભળેલો, જોયેલો, કરેલો, કરાવેલો અને અનુમોદેલો એવો ધર્મ સાત-સાત કુળને નક્કી પવિત્ર કરે છે. ૮

विना त्रिवर्गं विफलं, पुंसो जन्म पशोरिव ।
तत्र स्यादुत्तमो धर्म, स्तं विना न यतः परौ ॥९॥

मानुष्यमार्यदेशश्च, जातिः सर्वाक्षपाटवम् ।
आयुश्च प्राप्यते तत्र, कथंचित्कर्मलाघवात् ॥१०॥

प्राप्तेषु पुण्यतस्तेषु, श्रद्धा भवति दुर्लभा ।
ततः सद्गुरुसंयोगो, लभ्यते गुरुर्भाग्यतः ॥११॥

लब्धं हि सर्वमप्येतत्, सदाचारेण शोभते ।
न्यायेने नृपः पुष्पं, गन्धेनाज्येन भोजनम् ॥१२॥

शास्त्रे दृष्टेन विधिना, सदाचारपरो नरः ।
परस्पराविरोधेन, त्रिवर्गं साधयेन्मुदा ॥१३॥

तुर्ये यामे त्रियामाया, बाह्ले काले कृतोद्यमः ।
मुञ्चेन्निद्रां सुधी पञ्च परमेष्ठिस्तुतिं पठन् ॥१४॥

वामा तु दक्षिणा वापि, या नाडी वहते सदा ।
शय्योत्थितस्तमेवादौ – पादं दद्याद् भुवस्तले ॥१५॥

मुक्त्वा शयनवस्त्राणि, परिधायापराणि च ।
स्थित्वा सुस्थानके धीमान्, ध्यायेत्पञ्चनमस्क्रियाम् ॥१६॥

उपविश्य च पूर्वाशाभिमुखो वाप्युदङ्मुखः ।
पवित्राङ्गः शुचिस्थाने, जपेन्मन्त्रं समाहितः ॥१७॥

ધર્મ-અર્થ અને કામ એ ત્રણ વર્ગ સાધ્યા વિના મનુષ્ય જન્મ પશુની જેમ નિષ્ફળ છે. તે ત્રણમાં પણ ધર્મ ઉત્તમ છે, કારણ કે ધર્મ વિના અર્થ-કામ મળતા નથી. ૯

મનુષ્યપણું, આર્યદેશ, આર્યજાતિ, ઈંદ્રિયોની પૂર્ણતા અને પૂર્ણાયુ : આટલી વસ્તુઓ કાંઈક કર્મની લઘુતાથી કાંઈક મળે. ૧૦

(દસમાં શ્લોકમાં બતાવેલ) આટલી વસ્તુઓ પુણ્યથી પ્રાપ્ત થયા પછી પણ શ્રી જિનવચન ઉપર શ્રદ્ધા થવી દુર્લભ છે. તેનાથી પણ દુર્લભ સદ્‌ગુરુ ભગવંતનો સંયોગ છે, જો ભાગ્ય હોય તો જ સદ્‌ગુરુ પ્રાપ્ત થાય છે. ૧૧

રાજા જેમ ન્યાયથી શોભે, પુષ્પ સુગંધથી શોભે, ભોજન ઘીથી શોભે તેમ આ સઘળી વસ્તુઓ મળ્યા બાદ સદાચાર હોય તો શોભે છે. ૧૨

શાસ્ત્રમાં જોયેલી વિધિદ્વારા સદાચાર સેવવામાં તત્પર એવો પુરુષ પરસ્પર બાધા ન પહોંચે તે રીતે આનંદથી ત્રણે વર્ગને સાધે. ૧૩

રાત્રિના ચોથા પ્રહરમાં જ્યારે બ્રાહ્મ મુહૂર્ત ચાલતો હોય (સૂર્યોદયપૂર્વે ૯૬ મિનિટ) ત્યારે ઉદ્યમ કરી, પંચ પરમેષ્ઠિ સ્તુતિને (નવકાર મંત્રને) ભણતા એવા બુદ્ધિમાન પુરુષે નિદ્રાનો ત્યાગ કરવો. ૧૪

શય્યાથી ઉઠ્યા બાદ ડાબી અથવા જમણી જે નાડી (શ્વાસ) વહેતી હોય તે તરફનો પગ પ્રથમ ધરતી ઉપર સ્થાપવો. ૧૫

સૂવાના કપડાંનો ત્યાગ કરી, બીજા ચોખ્ખા વસ્ત્ર પહેરી, શુદ્ધ ભૂમિ ઉપર બેસીને બુદ્ધિવંતે પંચનમસ્કારનું (નવકારમંત્રનું) ધ્યાન ધરવું. ૧૬

પૂર્વ અથવા તો ઉત્તર દિશા તરફ શુદ્ધ સ્થાનમાં બેસીને પવિત્ર શરીર અને સ્થિર મનવાળા પુરુષે નવકાર મંત્ર જપવો. ૧૭

अपवित्रः पवित्रो वा, सुस्थितो दुःस्थितोऽपि वा ।
ध्यायेत्पञ्चनमस्कारान्, सर्वपापैः प्रमुच्यते ॥१८॥

अङ्गुल्यग्रेण यज्जप्तं, जप्तं यन्मेरुलङ्घने ।
संख्याहीनं च यज्जप्तं, तत्प्रायोऽल्पफलं भवेत् ॥१९॥

जपो भवेत्रिधोत्कृष्ट, मध्यमाधमभेदतः ।
पद्मादिविधिना मुख्यो, मध्यः स्याज्जपमालया ॥२०॥

विना मौनं विना संख्यां, विना चेतोनिरोधनम् ।
विना स्थानं विना ध्यानं, जघन्यो जायते जपः ॥२१॥

ततो गत्वा मुनिस्थानमथवात्मनिकेतने ।
निजपापविशुद्ध्यर्थं, कुर्यादावश्यकं सुधीः ॥२२॥

रात्रिकं स्याद्दैवसिकं, पाक्षिकं चातुर्मासिकम् ।
सांवत्सरं चेति जिनैः, पंचधावश्यकं कृतम् ॥२३॥

कृतावश्यककर्मा च, स्मृतपूर्वकुलक्रमः ।
प्रमोदमेदुरस्वान्तः, कीर्तयेन्मङ्गलस्तुतिम् ॥२४॥

मङ्गलं भगवान् वीरो, मङ्गलं गौतमः प्रभुः ।
मङ्गलं स्थूलिभद्राद्या, जैनो धर्मोऽस्तु मङ्गलम् ॥२५॥

नाभेयाद्या जिनाः सर्वे, भरताद्याश्च चक्रिणः ।
कुर्वन्तु मङ्गलं सर्वे, विष्णवः प्रतिविष्णवः ॥२६॥

અપવિત્ર (પાપી) અથવા પવિત્ર (પુણ્યવાન), સુખી અથવા દુ:ખી એવો પણ માણસ જો પંચનમસ્કારનું ધ્યાન ધરે તો સઘળા પાપથી મૂકાઈ જાય. ૧૮

આંગળીના અગ્રભાગ વડે (ટેરવાવડે), મેરુનું ઉલ્લંઘન કરીને અને સંખ્યાની ગણત્રી કર્યા વિના જે જપ થાય છે તેનું પ્રાયઃ અલ્પ ફળ થાય છે. ૧૯

ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ આ ત્રણ ભેદથી જપ પણ ત્રણ પ્રકારનો થાય છે. કમલબદ્ધ વિધિથી ગણવામાં આવતો જપ ઉત્કૃષ્ટ ગણાય છે અને નવકારવાળી (માળા) વડે ગણાતો જપ મધ્યમ કહેવાય. ૨૦

મૌન કર્યા વિનાનો, સંખ્યાની ગણત્રી રાખ્યા વિનાનો, ચિત્તને રોક્યા વિનાનો, સ્થાન વિનાનો અને ધ્યાન વિનાનો જપ જઘન્ય (અધમ) કહેવાય છે. ૨૧

ત્યારબાદ પોતાના પાપની વિશુદ્ધિ માટે મુનિની નિશ્રામાં જઈ અથવા પોતાના ગૃહાંગણે બુદ્ધિમાન પુરુષ પ્રતિક્રમણ (આવશ્યક) કરે. ૨૨.

રાત્રિસંબંધિ પાપનું, દિવસસંબધિ પાપનું, પક્ષસંબંધિ પાપનું, ચાતુર્માસ-સંબંધિ પાપનું અને વર્ષસંબંધિ પાપનું, આ રીતે પાંચ પ્રકારે પ્રતિક્રમણ કરવાનું શ્રી જિનેશ્વરોએ કહ્યું છે. ૨૩

આવશ્યક કર્યા બાદ પોતાના કુળની ઉત્તમ મર્યાદાઓને યાદ કરી આનંદથી પુષ્ટ બનેલા અંતઃકરણપૂર્વક મંગલશ્લોકો બોલે. ૨૪.

ભગવાન શ્રીમહાવીર પરમાત્મા, ગણધર શ્રીગૌતમપ્રભુ, મહામુનિ શ્રી-સ્થૂલભદ્રસ્વામી પ્રમુખમુનિઓ અને જૈનધર્મ મંગલને કરનાર થાઓ. ૨૫

શ્રીઋષભદેવાદિ સઘળા જિનેશ્વરો, ભરતાદિ સર્વ ચક્રવર્તીઓ, સર્વ વાસુદેવો અને પ્રતિવાસુદેવો મંગલને કરનારા થાઓ. ૨૬

नाभि-सिद्धार्थभूपाद्या, जिनानां पितरः सर्वे ।
पालिताखंडसाम्राज्या, जनयन्तु जयं मम ॥२७॥

मरुदेवीत्रिशलाद्या, विख्याता जिनमातरः ।
त्रिजगञ्जनितानन्दा, मङ्गलाय भवन्तु मे ॥२८॥

श्रीपुंडरीकेन्द्रभूति–प्रमुखा गणधारिणः ।
श्रुतकेवलिनोऽन्येऽपि, मङ्गलानि दिशन्तु मे ॥२९॥

ब्राह्मी चन्दनबालाद्या, महासत्यो महत्तराः ।
अखंडशीललीलाढ्या, यच्छंतु मम मंगलम् ॥३०॥

चक्रेश्वरीसिद्धायिकामुख्यशासनदेवताः ।
सम्यग्दृशां विघ्नहरा, रचयन्तु जयश्रियम् ॥३१॥

कपर्दि-मातंगमुख्या, यक्षा विख्यातविक्रमाः ।
जैनविघ्नहरा नित्यं, दिशन्तु मंगलानि मे ॥३२॥

यो मङ्गलाष्टकमिदं पटुधीरधीते,
प्रातर्नरः सुकृतभावितचित्तवृत्तिः ।
सौभाग्यभाग्यकलितो धुतसर्वविघ्नो,
नित्यं स मङ्गलमलं लभते जगत्याम् ॥३३॥

ततो देवालये यायात्, कृतनैषेधिकीक्रियः ।
त्यजन्नाशातनाः सर्वास्त्रिः प्रदक्षिणयेज्जिनम् ॥३४॥

विलासहासनिष्ठ्यूत, निद्राकलहदुःकथाः ।
जिनेन्द्रभवने जह्यादाहारं च चतुर्विधम्. ॥३५॥

અખંડ સામ્રાજ્યનું પાલન કરનારા શ્રીનાભિરાજા-શ્રીસિદ્ધાર્થરાજા પ્રમુખ સઘળા શ્રી જિનેશ્વરદેવોના પિતાઓ મને જય આપનારા થાઓ. ૨૭

ત્રણે લોકને આનંદ આપનારા, જગતમાં વિખ્યાત એવા, શ્રીમરુદેવી શ્રીત્રિશલા પ્રમુખ શ્રી જિનેશ્વરદેવોની માતાઓ મારા મંગળ માટે થાઓ ૨૮

શ્રીપુંડરિકસ્વામી - શ્રીગૌતમસ્વામી વિગેરે ગણધર ભગવંતો, તેમજ અન્ય પણ શ્રુતકેવળી ભગવંતો મને મંગળને કરનારા થાઓ. ૨૯

શ્રીબ્રાહ્મી - શ્રીચંદનબાળા વગેરે અખંડ શીલને ધરનારી શ્રેષ્ઠ મહાસતીઓ મને મંગળ આપો. ૩૦

સમ્યગ્દષ્ટિ જીવોના વિઘ્નને હરનારી શ્રીચક્રેશ્વરી - શ્રીસિદ્ધાયિકા પ્રમુખ શાસનદેવીઓ (અમારી) જયલક્ષ્મીને કરનારી થાઓ. ૩૧

જૈનોના વિઘ્નને હરનારા, પ્રસિદ્ધ પરાક્રમવાળા શ્રીકપર્દિ-શ્રીમાતંગ પ્રમુખ યક્ષો મને હમેશાં મંગળને આપનારા થાઓ. ૩૨

પુણ્યથી ભાવિત બનેલા ચિત્તવાળો, સૌભાગ્યસંપન્ન, વિઘ્ન રહિત એવો જે બુદ્ધિશાળી નર રોજ સવારે આ મંગળાષ્ટકને ભણે છે તે હંમેશા જગતમાં મંગળને મેળવે છે. ૩૩

ત્યારબાદ જિનાલયે જવું જોઈએ. ત્યાં ત્રણ નિસીહિ બોલીને જિનાલયની સઘળી આશાતનાને વર્જતા એવો તે શ્રી જિનેશ્વરદેવને ત્રણ પ્રદક્ષિણા આપે. ૩૪

સ્ત્રી સાથે વિલાસ, હાસ્ય, શ્લેષ્માદિ મળત્યાગ, નિદ્રા, કલહ, વિકથા અને અશન-પાન વિ. ચારે પ્રકારના આહાર : આટલી વસ્તુ જિનાલયમાં નહિ કરવી. ૩૫.

नमस्तुभ्यं जगन्नाथेत्यदिस्तुतिपदं वदनूः ।
फलमक्षतपूगं वा, ढौकयेच्छ्रीजिनाग्रतः ॥३६॥

रिक्तपाणिर्न पश्येत्तु, राजानं दैवतं गुरुम् ।
नैमित्तिकं विशेषेण, फलेन फलमादिशेत् ॥३७॥

दक्षिणवामभागस्थो, नरनारीजनो जिनम् ।
वन्देतावग्रहं मुक्त्वा, षष्टिं नव करान्विभोः ॥३८॥

ततः कृतोत्तरासंगः, स्थित्वा सद्योगमुद्रया ।
ततो मधुरया वाचा, कुरुते चैत्यवन्दनम् ॥३९॥

उदरे कूर्परौ न्यस्य, कृत्वा कोशाकृती करौ ।
अन्योन्याङ्गुलिसंश्लेषाद्योगमुद्रा भवेदियम् ॥४०॥

पश्चान्निजालयं गत्वा, कुर्यात्प्राभातिकीं क्रियाम् ।
विदधीत गेहचिन्तां, भोजनाच्छादनादिकाम् ॥४१॥

आदिश्यस्वस्वकार्येषु, बंधून् कर्मकरानपि ।
पुण्यशालां पुनर्यायादष्टभिर्धीगुणैर्युतः ॥४२॥

शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।
ऊहापोहोऽर्थविज्ञानं, तत्त्वज्ञानं च धीगुणाः ॥४३॥

श्रुत्वा धर्मं विजानाति, श्रुत्वा त्यजति दुर्मतिम् ।
श्रुत्वा ज्ञानमवाप्नोति, श्रुत्वा वैराग्यमेति च ॥४४॥

पंचाङ्गप्रणिपातेन, गुरुन् साधून्परानपि ।
उपविशेन्नमस्कृत्य, त्यजन्नाशातनां गुरोः ॥४५॥

'હે જગન્નાથ ! આપને નમસ્કાર થાઓ' ઇત્યાદિ સ્તુતિઓને બોલી શ્રી જિનેશ્વર સન્મુખ ફળ અથવા અક્ષત સોપારી ચડાવવી. ૩૬

રાજા પાસે, દેવતા પાસે, ગુરુ પાસે અને વિશેષે કરી જ્યોતિષી (જોશી) પાસે ખાલી હાથે ન જવું. કારણ કે ફળથી જ ફળની પ્રાપ્તિ થાય. ૩૭

જઘન્યથી નવ હાથ અને ઉત્કૃષ્ટથી સાઈઠ હાથનો અવગ્રહ (અંતર) રાખી પુરુષોએ શ્રી જિનેશ્વરની જમણી બાજુ અને બહેનોએ ડાબી બાજુ રહીને વંદના કરવી ૩૮

ત્યારબાદ ઉત્તરીય વસ્ત્ર પહેરી, યોગ મુદ્રામાં રહી મધુર સ્વરથી ચૈત્યવંદન કરવું ૩૯

પેટ ઉપર બે કોણીઓ સ્થાપન કરી, બે હાથને કમળના ડોડાના આકારે કરી, બંને હાથની આંગળીઓ એક બીજામાં ભેળવવાથી આ યોગમુદ્રા થાય છે. ૪૦

ત્યાર બાદ પોતાના ઘરે જઈ પ્રાતઃકાલીન કાર્યો કરે તેમજ આહાર, વસ્ત્ર વિગેરે ઘરસંબંધિ કાળજી કરે. ૪૧

ભાઈઓ અને નોકરોને પોતપોતાના કાર્યોમાં જોડીને બુદ્ધિના આઠ ગુણોવાળો તે ધર્મસ્થાનકે (ઉપાશ્રયે) જાય ૪૨

સાંભળવાની તીવ્ર ઈચ્છા-૧, સાંભળવું-૨, ગ્રહણ કરવું-૩, ધારણ કરવું-૪, પ્રશ્ન કરવો-૫, સમાધાન મેળવવું-૬, અર્થનિર્ણય કરવો-૭ અને તત્વજ્ઞાન પામવું-૮ આ બુદ્ધિના આઠ ગુણ જાણવા. ૪૩

શાસ્ત્ર સાંભળવાથી ધર્મનો જાણ થાય, દુર્ગતિનો ત્યાગ કરે, જ્ઞાન પામે અને વૈરાગ્યને પામે. ૪૪

ગુરુની આશાતનાનો ત્યાગ કરી પાંચ અંગોને નમાવવા વડે ગુરુ અને અન્ય સાધુઓને પણ નમસ્કાર કરી ધર્મ સાંભળવા બેસે. ૪૫

उत्तमाङ्गेन पाणिभ्यां, जानुभ्यां च भुवस्तले ।
विधिना स्पृशतः सम्यक्पंचाङ्गप्रणतिर्भवेत् ॥४६॥

पर्यस्थिकां न बघ्नीयान्न च पादौ प्रसारयेत् ।
पादोपरि पदं नैव, दोर्मूलं न प्रदर्शयेत् ॥४७॥

न पृष्ठे न पुरो वापि, पार्श्वयोरुभयोरपि ।
स्थेयान्नालापयेदन्य, मागतं पूर्वमात्मना ॥४८॥

सुधीर्गुरुमुखन्यस्तदृष्टिरेकाग्रमानसः ।
श्रृणुयाद्धर्मशास्त्राणि, भावभेदविचक्षणः ॥४९॥

अपाकुर्यात्स्वसंदेहान्, जाते व्याख्यानके सुधीः ।
गुर्वर्हङ्गुणगातृभ्यो, दद्याद्दानं निजोचितम् ॥५०॥

अकृतावश्यको दत्ते, गुरूणां वन्दनानि च ।
प्रत्याख्यानं यथाशक्त्या, विदध्याद्विरतिप्रियः ॥५१॥

तिर्यग्योनिषु जायन्तेऽविरता दानिनोऽपि हि ।
गजाश्वादिभवे भोगान्, भुञ्जाना बन्धनान्वितान् ॥५२॥

न दाता नरकं याति, न तिर्यग् विरतो भवेत् ।
दयालुर्नायुषा हीनः, सत्यवक्ता न दुःस्वरः ॥५३॥

तपः सर्वाक्षसारंगवशीकरणवागुरा ।
कषायतापमृद्वीका, कर्माजीर्णहरीतकी ॥५४॥

મસ્તક, બે હાથ તથા બે ઢીંચણ જમીનપર વિધિવડે સ્પર્શવાથી સાચો પંચાંગ પ્રણિપાત (ખમાસમણ) થાય છે. ૪૬

ગુરુપાસે પલાંઠી નહિ વાળવી, પગ લાંબા-પહોળાં કરવા નહિ, પગ ઉપર પગ ચડાવવો નહિ અને કાખ (બગલ) બતાવવી નહિ. ૪૭

ગુરુની પાછળ અથવા આગળ, તેમજ બંને પડખે બેસવું નહિ. આવેલા અન્ય માણસ સાથે ગુરુ બોલે એ પહેલાં પોતે વાત કરવી નહિ. ૪૮

ભાવનાં પ્રકારોને જાણવામાં હોંશિયાર અને સદ્‌બુદ્ધિવાળા પુરુષે ગુરુ ભગવંતના મુખ ઉપર દૃષ્ટિ સ્થાપીને એકાગ્ર ચિત્તથી ધર્મશાસ્ત્રો સાંભળવાં. ૪૯

બુદ્ધિશાળીએ પોતાના સંદેહોને ટાળવા જોઈએ. વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ દેવ અને ગુરુના ગુણ ગાનાર ભાટ-ચારણાદિને યથાશક્તિ દાન આપવું. ૫૦

જેણે પ્રતિક્રમણ કર્યું નથી તેણે ગુરુની દ્વાદશાવર્ત્ત વંદના (રાઈઅ મુહપત્તિ) કરવી જોઈએ. (ત્યારબાદ) વિરતિની તાલાવેલીવાળા શ્રાવકે યથાશક્તિ પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) કરવું ૫૧.

દાની એવા માણસો પણ જો વિરતિ વગરના હોય તે પણ ખરેખર તિર્યંચ ગતિમાં જઈ ઉપજે છે, તે હાથી ઘોડાના ભવમાં બંધનથી યુક્ત એવા ભોગો ભોગવ્યા કરે છે. ૫૨

દાતાર નરકે ન જાય, વિરતિધર તિર્યંચ ન થાય, દયાળુ અલ્પાયુ ન થાય અને સાચું બોલનારનો સ્વર ખરાબ ન થાય. ૫૩

તપ એ સઘળીય ઈંદ્રિયરૂપી હરણીયાઓને વશ કરવાની જાળ છે, કષાયના તાપને શમાવવા માટે મીઠી દ્રાક્ષ સમાન છે અને કર્મના અજીર્ણને ટાળવા માટે હરડે સમાન છે ૫૪

यद्दूरं यद्दुराराध्यं, यत्सुरैरपि दुष्करम् ।
तत्सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥५५॥

चतुष्पथं ततो यायात्, कृतधर्मविधिः सुधीः ।
कुर्यादर्थार्जनोपायं, व्यवसायं निजं निजम् ॥५६॥

सुहृदामुपकाराय, बन्धूनामुदयाय च ।
अर्ज्यते विभवः सद्भिः, स्वोदरं को बिभर्त्ति न ॥५७॥

व्यवसायभवा वृत्तिः, सोत्कृष्टा मध्यमा कृषिः ।
जघन्या भुवि सेवा तु, भिक्षा स्यादधमाधमा ॥५८॥

व्यवसायमतो नीचं, न कुर्यान्नापि कारयेत् ।
पुण्यानुसारिणी संपत्, न पापाद्वर्द्धते क्वचित् ॥५९॥

बह्वारंभमहापापं, यद भवेज्जनगर्हितम् ।
इहामुत्रविरुद्धं यत्, तत्कर्म्म न समाचरेत् ॥६०॥

लोहकारचर्मकारमद्यकृत्तैलिकादिभिः ।
सत्यप्यर्थागमे कामं, व्यवसायं परित्यजेत् ॥६१॥

एवं चरन् प्रथमयामविधिं समग्रं, श्राद्धो विशुद्धविनयो नयराजमानः ।
विज्ञानमानजनरंजनसावधानो जन्मद्वयं विरचयेत्सफलं स्वकीयम् ॥६२॥

इति श्री आचारोपदेशे प्रथमवर्गः ।

દૂર રહેલા, અઘરાં આને દેવો માટે પણ મુશ્કેલ એવા સઘળાં કાર્યો તપ વડે સિદ્ધ કરી શકાય છે. માટે તપ ખરેખર સર્વશ્રેષ્ઠ છે. ૫૫.

ધાર્મિક વિધિ કર્યા બાદ બુદ્ધિમાન માણસ બજારે જાય, ત્યાં અર્થોપાર્જનના કારણભૂત પોતપોતાનો (કુળપરંપરાથી આવેલો અનિંદ્ય) વ્યાપાર કરે. ૫૬

મિત્રોના ઉપકાર માટે અને ભાઈઓ વિ. સ્વજનોના ઉત્કર્ષ માટે સજ્જન માણસ ધન મેળવે કેવળ પોતાનું પેટ તો બધાં જ ભરે છે. ૫૭

જગતમાં ગૃહસ્થને માટે વ્યાપાર કરી આજીવિકા મેળવવી તે ઉત્કૃષ્ટ કહેવાય, ખેતી કરીને આજીવિકા મેળવવી તે મધ્યમ કહેવાય, નોકરી કરીને આજીવિકા મેળવવી તે જઘન્ય (અધમ) કહેવાય અને ભીખ માગીને આજીવિકા મેળવવી તે અધમાધમ કહેવાય. ૫૮

વ્યાપાર કરનારે હલકો વ્યાપાર ન કરવો, બીજા પાસે પણ નહિ કરાવવો. કારણ કે લક્ષ્મી પુણ્યને અનુસરનારી છે જે પાપ કરવાથી ક્યારે પણ વધતી નથી. ૫૯.

ઘણી હિંસાના કારણે મોટું પાપ બંધાવનારું, જગતમાં લોકોવડે નિંદા થાય તેવું અને આ લોક-પરલોકમાં અહિત કરનારું હોય તે કાર્ય ન કરવું. ૬૦

ઘણું ધન મળતું હોય તો પણ લોહાર, ચમાર, દારૂ ગાળનાર, અને ઘાંચી વિગેરે સાથે વ્યાપાર કરવો નહિ. ૬૧

આ રીતે પ્રથમ પ્રહરનો સઘળો વિધિ કરતો, શ્રદ્ધાવાન, વિશુદ્ધ વિનયવાન, ન્યાયનીતિથી શોભતો, વિજ્ઞાનને માન આપી જનરંજન કરવામાં તત્પર એવો શ્રાવક પોતાના આ લોક અને પરલોક એમ બેય જન્મને સફળ કરે. ૬૨

# द्वितीय वर्गः ।

अथ स्वमन्दिरे यायाद्, द्वितीये प्रहरे सुधीः ।
निर्जन्तुभुवि पूर्वाशाभिमुखः स्नानमाचरेत् ॥१॥

सप्रणालं चतुष्पादं, स्नानार्थं कारयेद्वरम् ।
तदुद्धृते जले यस्माज्जंतुबाधा न जायते ॥२॥

रजस्वलाया मलिनस्पर्शे जाते च सूतके ।
मृतस्वजनकार्ये च, सर्वाङ्गस्नानमाचरेत् ॥३॥

अन्यथा शीर्षवर्जं च, वपुः प्रक्षालयेत्परम् ।
कवोष्णेनाल्पपयसा, देवपूजाकृते कृती ॥४॥

चन्द्रादित्यकरस्पर्शात्पवित्रं जायते जगत् ।
तदाधारं शिरो नित्यं, पवित्रं योगिनो विदुः ॥५॥

दयासाराः सदाचारास्ते सर्वे धर्महेतवे ।
शिरःप्रक्षालनान्नित्यं, तज्जीवोपद्रवो भवेत् ॥६॥

नापवित्रं भवेच्छीर्षं, नित्यं वस्त्रेण वेष्टितम् ।
अप्यात्मनः स्थितेः शश्वन्निर्मलद्युतिधारिणः ॥७॥

स्नानायेति जलोत्सर्गाद्, घ्नंति जन्तून् बहिर्मुखाः ।
मलिनं कुर्वते जीवं, शोधयन्ति वपुर्हि ते. ॥८॥

# બીજો વર્ગ

હવે બીજા પ્રહરમાં પોતાના ઘરે જઈ બુદ્ધિમાન પુરુષ જીવરહિત સ્થાનમાં પૂર્વદિશા તરફ મુખ કરી, બેસીને સ્નાન કરે. ૧

નાળચા (પરનાળું) વાળું, પોતાના શરીરને યોગ્ય પ્રમાણવાળું, બાજોઠ (ચતુષ્પાદ) કરાવે. જેથી તેમાંથી પાણી લઈ લેવાતું હોવાથી જીવોની વિરાધના ન થાય. ૨

રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ થયેલો હોય, ચંડાળ આદિ ક્ષુદ્ર પુરુષોનો સ્પર્શ થયો હોય, ઘરમાં પુત્ર-પુત્રીનો જન્મ થયો હોય અને સ્વજનાદિકનું મૃત્યુ થયું હોય ત્યારે મસ્તકસહિત સર્વાંગનું સ્નાન કરવું. ૩

પુણ્યશાળી જીવે કાંઈક ઉષ્ણ એવા અલ્પ જળથી દેવપૂજા માટે ઉપર બતાવેલ અવસરો સિવાયના અવસરે મસ્તકનું સ્નાન નહિ કરતા બાકીના શરીરનું સ્નાન કરવું. ૪

ચન્દ્ર અને સૂર્યના કિરણોનો સ્પર્શ થતો હોવાથી આખું જગત પવિત્ર થાય છે. તે જગતનો આધાર મસ્તક છે માટે યોગિઓ તેને હંમેશ માટે પવિત્ર કહે છે. ૫

સઘળા સદાચારો જો દયામય હોય તો ધર્મ કહેવાય, હંમેશા મસ્તક ધોવાથી તો તેમાં રહેલા જીવોને ઉપદ્રવ-પીડા થાય છે. ૬

હંમેશા વસ્ત્રથી વીંટળાયેલ હોવાથી અને શાશ્વત નિર્મળ તેજને ધારણ કરનાર આત્માનો તેમાં વાસ હોવાથી મસ્તક અપવિત્ર બનતું નથી. ૭

મિથ્યાત્વીઓ સ્નાનને માટે પાણી ઢોળી, જીવોને હણી નાંખે છે. ખરેખર તેઓ આત્માને મલિન કરીને શરીરને શુદ્ધ કરે છે. ૮

विहाय पोतकं वस्त्रं, परिधाय जिनं स्मरन् ।
यावज्जलार्द्रौ चरणौ, तावत्तत्रावतिष्ठते ॥९॥

अन्यथा मलसंश्लेषादपवित्रौ पुनः पदौ ।
तल्लीनजीवघातेन, भवेद्वा पातकं महत् ॥१०॥

गृहचैत्यांतिकं गत्वा, भूमिसंमार्जनादनु ।
परिधायार्चा वस्त्राणि, मुखकोशं दधात्यथ ॥११॥

मनोवाक्कायवस्त्रेषु, भूपूजोपकरस्थितौ ।
शुद्धिः सप्तविधा कार्या, देवतापूजनक्षणे ॥१२॥

पुमान् परिदधेन्न स्त्री-वस्त्रं पूजाविधौ क्वचित् ।
न नारी नरवस्त्रं तु, कामरागविवर्द्धनम् ॥१३॥

भृंगारानीतनीरेण, संस्नाप्यांगं जिनस्य तु ।
रूक्षीकृत्य सुवस्त्रेण, पूजां कुर्यात्ततोऽष्टधा ॥१४॥

सच्चन्दनेन घनसारविमिश्रितेन, कस्तूरिकाद्रवयुतेन मनोहरेण ।
रागादिदोषरहितं महितं सुरेन्द्रैः, श्रीमज्जिनं त्रिजगतपतिमचर्यामि ॥१५॥

जातीजपाबकुलचम्पकपाटलाद्यैर्मन्दारकुन्दशतपत्रवरारविन्दैः ।
संसारनाशकरणं करुणाप्रधानं, पुष्पैः परैरपि जिनेन्द्रमहं यजामि ॥१६॥

कृष्णागुरुप्रचुरितं सितया समेतं, कर्पूरपूरमहितं विहितं सुयत्नात् ।
धूपं जिनेंद्रपुरतो गुरुतोषपोषं, भक्त्योत्क्षिपामि निजदुष्कृतनाशनाय ॥१७॥

સ્નાન કરતાં પહેરેલ વસ્ત્ર છોડી, બીજું શુદ્ધ વસ્ત્ર પહેરી જ્યાં સુધી પગ ભીના હોય ત્યાં સુધી શ્રીજિનેશ્વરનું સ્મરણ કરતા ત્યાં ઉભા રહેવું ૯

નહિંતર પવિત્ર થયેલા પગ ફરીને મેલ લાગવાથી અપવિત્ર બની જાય છે અને ભીના પગમાં જીવો ચોંટીને મરી જવાથી મોટું પાપ લાગે છે. ૧૦

ઘર દેરાસર પાસે જઈ, ભૂમિને પૂંજી, પછી શુદ્ધ પૂજાના વસ્ત્રો પહેરવા અને મુખકોશ (આઠપડનો) બાંધવો. ૧૧

જિનેશ્વરની પૂજા કરતાં મનશુદ્ધિ-૧, વચનશુદ્ધિ-૨, કાયશુદ્ધિ-૩, વસ્ત્રશુદ્ધિ-૪, ભૂમિશુદ્ધિ-૫, પૂજોપકરણશુદ્ધિ-૬, અને સ્થિરતાશુદ્ધિ-૭, : એમ સાત પ્રકારે શુદ્ધિ રાખવી. ૧૨

પૂજા કરતી વખતે કામરાગને વધારનાર સ્ત્રીના વસ્ત્રો પુરુષે ક્યારેય પહેરવા નહિ તેમજ પુરુષોના વસ્ત્રો સ્ત્રીએ ન પહેરવા. ૧૩

નિર્મળકળશમાં લાવેલ શુદ્ધજળથી શ્રીજિનેશ્વરના અંગોનું અભિષેક કરી ઉત્તમ કોમળ વસ્ત્રોવડે અંગલુછણાં કરવા. ત્યારબાદ અષ્ટપ્રકારી પૂજા કરવી. ૧૪

સુંદર બરાસ મિશ્રિત, કસ્તૂરિ કેશર-કપુર આદિ રસથી યુક્ત, મનોહર એવા ઉત્તમ પ્રકારના ચંદનથી, રાગાદિદોષરહિત, ઈંદ્રોવડે પૂજિત, ત્રણલોકના નાથ એવા શ્રી જિનેશ્વરની હું પૂજા કરું છું. ૧૫

જાઈ, જાસુદ, બકુલ (બોલસિરિ), ચંપો, પાડલ, મંદાર, મચકુંદ, ગુલાબ, કમળ તથા અન્ય પણ પુષ્પો વડે સંસારનો અંત આણનાર અને કરુણાવંતમાં અગ્રેસર એવા શ્રીજિનેન્દ્રને હું પૂજું છું.. ૧૬

પોતાના પાપોના નાશમાટે, કૃષ્ણાગરુથી ભરપૂર, સાકરયુક્ત, ઘણા કપૂરથી સહિત ઘણા પ્રયત્નથી મેળવેલ અને ઘણા આનંદને આપનાર એવો ધૂપ શ્રી-જિનેશ્વરની સામે હું ભક્તિથી ઉવેખું છે. ૧૭

ज्ञानं च दर्शनमथोचरणं विचिन्त्य, पुंजत्रयं च पुरतः प्रविधाय भक्त्या ।
चोक्षाक्षतैः कणगणैरपरैरपीह, श्रीमन्तमादिपुरुषं जिनमर्चयामि ॥१८॥

सन्नालिकेरपनसामलबीजपूरजबीरपूगसहकारमुखैः फलैस्तैः ।
स्वर्गाद्यनल्पफलदं प्रमदाप्रमोदं, देवाधिदेवमशुभप्रशमं महामि ॥१९॥

सन्मौदकैवर्टकमण्डकशालिदालिमुख्यैरसंख्यरसशालिभिरन्नभोज्यैः ।
क्षुत्तृड्व्यथाविरहितं स्वहिताय नित्यं, तीर्थाधिराजमहमादरतो यजामि ॥२०॥

विध्वस्तपापपटलस्य सदोदितस्य, विश्वावलोकनकलाकलितस्य भक्त्या ।
उद्योतयामि पुरतो जिननायकस्य, दीपं तमःप्रशमनाय शमांबुराशेः ॥२१॥

तीर्थोदकैर्धुतमलैरमलस्वभावं, शश्वन्नदीहृदसरोवरसागरोत्थैः ।
दुर्वारमारमदमोहमहाहितार्क्ष्यं, संसारतापशमनाय जिनार्चयामि ॥२२॥

पूजाष्टकस्तुतिमिमामसमामधीत्य, योऽनेन चारुविधिना वितनोति पूजाम् ।
भुक्त्वा नरामरसुखान्यविखण्डितानि, धन्यः सुवासमचिराल्लभते शिवेऽपि ॥२३॥

शुचिप्रदेशे निःशल्ये, कुर्याद्देवालयं सुधीः ।
सौधे यातां वामभागे, सार्द्धहस्तोच्चभूमिके ॥२४॥

पूर्वाशाभिमुखोऽर्चासु, उत्तराभिमुखोऽथवा,
विदिशासंमुखो नैव, दक्षिणां वर्जयेद्दिशम् ॥२५॥

હવે જ્ઞાન, દર્શન અને ચારિત્રની કલ્પના કરીને, નિર્મળ અક્ષત અને અન્ય પણ ઉત્તમ ધાન્યોથી ત્રણ પૂંજ કરીને કેવળજ્ઞાનાદિ લક્ષ્મીયુક્ત અને પુરુષોમાં શ્રેષ્ઠ એવા શ્રીજિનેશ્વરની હું ભક્તિથી પૂજા કરું છું. ૧૮

સુંદર નાળીયેર, ફણસ, આમળાં, બીજોરા, શ્રેષ્ઠ લીંબુ, સોપારી અને આંબા વગેરે ફળોવડે, સ્વર્ગાદિ ઘણા ફળને દેનાર યુવતીઓને પ્રમોદ પમાડનાર તથા અશુભની શાંતિ કરનાર એવા શ્રીદેવાધિદેવની હું પૂજા કરું છું. ૧૯

શ્રેષ્ઠ મોદકો, વડાં, ખાખરા, ભાત, દાળ વગેરે અનેક પ્રકારની મનોહર રસવતીથી, ભૂખ-તરસની પીડાથી રહિત એવા શ્રીતીર્થંકર પરમાત્માને પોતાના હિતમાટે હું હંમેશાં આદરથી પૂજું છું. ૨૦

પાપ-પટલનો નાશ કરનાર, હમેશાં જયવંતા, વિશ્વને જોવાની કળાથી શોભતા, ઉપશમરસના સમુદ્ર એવા, શ્રીજિનેશ્વરની આગળ અજ્ઞાનરૂપી અંધકારના નાશમાટે હું દીપનો ઉદ્યોત કરું છું. ૨૧

નિર્મળ સ્વભાવવાળા, કામ, મદ અને મોહરૂપી સર્પને હણવા માટે ગરુડ જેવા શ્રીજિનેશ્વરની સંસાર તાપની શાંતિ માટે શાશ્વત નદીઓ, કુંડ, સરોવર, સાગર તથા તીર્થનાં નિર્મળ જળવડે હું પૂજા કરું છું. ૨૨

આ આઠ કાવ્યોવડે બનેલી શ્રેષ્ઠ સ્તુતિને ભણીને એમાં બતાવેલ શ્રેષ્ઠ વિધિથી જે વ્યક્તિ શ્રીજિનપૂજા કરે છે તે ધન્યપુરુષ અખંડ એવા મનુષ્યલોકના તથા દેવલોકના સુખોને ભોગવી અલ્પ સમયમાં મોક્ષમાં પણ નિવાસ પામે છે. ૨૩

ઘરમાં પ્રવેશ કરતાં ડાબે હાથે, દોઢ હાથથી ઊંચી જગ્યાએ, શુદ્ધભૂમિમાં, શલ્યોદ્ધાર કરીને બુદ્ધિમાન પુરુષ જિનાલય બનાવે. ૨૪

પૂજા કરતી વખતે પૂજકે પૂર્વ દિશા તરફ અથવા ઉત્તર દિશા તરફ મોઢું કરીને બેસવું પરંતુ વિદિશા તરફ નહિ બેસવું, એમાંય દક્ષિણ દિશા તરફ મોઢું કરીને બેસવું સૂતરામ ટાળવું. ૨૫

पूर्वस्यां लभते लक्ष्मीमग्नौ संतापसंभवः ।
दक्षिणस्यां भवेन्मृत्युर्नैऋते स्यादुपद्रवः ॥२६॥

पश्चिमायां पुत्रदुःखं, वायव्यां स्यादसंततिः ।
उत्तरस्यां महालाभ, ईशान्यां धाम्नि नो वसेत् ॥२७॥

अंघ्रिजानुकरांसेषु, मस्तके च यथाक्रमम् ।
विधेया प्रथमं पूजा, जिनेन्द्रस्य विवेकिभिः ॥२८॥

सच्चन्दनं सकाश्मीरं, विनार्चा न विरच्यते ।
ललाटकंठहृदये, जठरे तिलकं पुनः ॥२९॥

प्रभाते शुद्धवासेन, मध्याह्ने कुसुमैस्तथा ।
संध्यायां धूपदीपाभ्यां, विधेयार्चा मनीषिभिः ॥३०॥

नैकं पुष्पं द्विधा कुर्यान्न च्छिन्द्यात्कलिकामपि ।
पत्रकुड्मलभेदेन, हत्यावत्पातकं भवेत् ॥३१॥

हस्तात्प्रस्खलितं पुष्पं, लग्ने पादेऽथवा भुवि ।
शीर्षोपरि धृतं यच्च, तत्पूजार्हं न कर्हिचित् ॥३२॥

स्पृष्टं नीचजनैर्दष्टं, कीटैः कुवसनैर्धृतम् ।
निर्गन्धमुग्रगन्धं च, तत्त्याज्यं कुसुमं समम्, ॥३३॥

वामाङ्गे धूपदाहः स्यादुदपात्रं तु संमुखे ।
हस्ते दद्याज्जिनेन्द्रस्य, नागवल्लीदलं फलम् ॥३४॥

स्नात्रैश्चन्दनदीपधूपकुसुमैर्नैवेद्यनीरध्वजै,
र्वासैरक्षतपूगपत्रसहितैः सत्कोशवृद्ध्या फलैः ।
र्वादित्रध्वनिगीतनृत्यनुतिभिश्छत्रैर्वरैश्चामरै,
र्भूषाभिश्च किलैकविंशतिविधा- पूजा भवेदर्हताम् ॥३५॥

પૂર્વદિશા તરફ મોઢું કરી પૂજા કરવાથી લક્ષ્મી મળે છે, આગ્નેય દિશા તરફ સંતાપનો સંભવ રહે છે, દક્ષિણ દિશામાં મૃત્યુ થાય અને નૈઋત્યમાં ઉપદ્રવ થાય છે. ૨૬

પશ્ચિમ દિશામાં મુખ રાખવાથી પુત્રસંબંધિ દુઃખ, વાયવ્ય દિશામાં અસંતતિ, ઉત્તરમાં મહાલાભ અને ઈશાન ખુણે રહી પૂજા કરવાથી ઘરમાં વસવાનું ન રહે. ૨૭

અનુક્રમે (જમણા-ડાબા) બે પગ, બે જાનુ (ઢીંચણ), બે હાથ (કાંડા), બે ખભા અને મસ્તકે (શિખા) વિવેકી આત્માએ શ્રીજિનેશ્વરની પહેલી પૂજા કરવી, ૨૮

ત્યારબાદ લલાટ, કંઠ (ગળું), હૃદય અને નાભિએ તિલક કરવું જોઈએ અને આ પૂજા ઉચ્ચજાતિના ચંદનમાં કેશર ભેળવીને કરવી. ૨૯

સૂર્યોદયબાદ શુદ્ધ વાસક્ષેપથી, મધ્યાહ્ને પુષ્પાદિકથી, તેમજ સાયંકાળે ધૂપ-દીપવડે પંડિતો પૂજા કરે. ૩૦

એક પુષ્પના બે ટુકડા ન કરવા, ફુલની કળી તોડવી નહિ, પાંડદાથી કળી જુદી કરવાથી હત્યા કરવા જેવું પાપ લાગે છે. ૩૧

હાથમાંથી ખરી પડેલું, પગનો સ્પર્શ થયેલું, જમીન ઉપર પડેલું, માથાપર ધારણ કરેલું ફુલ પૂજા માટે ક્યારે પણ યોગ્ય ન ગણાય. ૩૨

સુવાસ વગરનું, દુર્ગંધવાળું, હલકા મનુષ્યોએ અડેલું, કીડાઓએ ખાધેલું અને અશુદ્ધ વસ્ત્રમાં રાખેલું ફુલ પૂજામાં વાપરવું નહિ. ૩૩

પ્રભુના ડાબા પડખે ધૂપ કરવો, જળનો કુંભ સામે રાખવો તેમજ જિનેશ્વરના હાથમાં નાગરવેલનું પાન અને ફળ મૂકવું. ૩૪

સ્નાત્ર (અભિષેક)-૧, ચંદન (કેશર)-૨, દીપ-૩, ધૂપ-૪, પુષ્પ-૫, નૈવેદ્ય-૬, જળ-૭, ધ્વજ-૮, વસ્ત્ર-૯, અક્ષત-૧૦, સોપારી-૧૧, પત્ર (નાગરવેલના પાન)-૧૨, દેવદ્રવ્યવૃદ્ધિ-૧૩, ફળ-૧૪, વાજિંત્ર-૧૫, ગીત-ગાન-૧૬ નૃત્ય (નાટક)-૧૭, સ્તુતિ-૧૮, છત્ર-૧૯, શ્રેષ્ઠ ચામર-૨૦ અને આભરણ (આંગી)-૨૧ એમ એકવીશ પ્રકારે શ્રીઅરિહંતની પૂજા થાય છે. ૩૫

इत्येकविंशतिविधां रचयन्ति पूजां, भव्याः सुपर्वदिवसेऽपि च तीर्थयोगे ।
पूर्वोक्तचारुविधिनाष्टविधां च नित्यं, यद्यद्वरं तदिह भाववशेन योज्यम् ॥३६॥

ग्रामचैत्यं ततो यायाद्विशेषाद्धर्म्मलिप्सया ।
त्यजन्नशुचिमध्वानं, धौतवस्त्रेण शोभितः ॥३७॥

यास्यामीति हृदि ध्यायंश्चतुर्थं फलमश्नुते ।
उत्थितो लभते षष्ठं, त्वष्टमं पथि च व्रजन् ॥३८॥

दृष्टे चैत्ये च दशमं, द्वारे द्वादशमं लभेत् ।
मध्ये पक्षोपवासस्य, मासस्य च जिनार्चने ॥३९॥

तिस्रो नैषेधिकीः कृत्वा, चैत्यं तत्प्रविशेत्सुधीः ।
चैत्यचिंतां विधायाथ, पूजयेच्छ्रीजिनं मुदा ॥४०॥

मूलनायकमभ्यर्च्याऽष्टधाऽर्हत्प्रतिमाः पराः ।
पूजयेच्चारुपुष्पौघैः, शिष्टाश्चांतर्बहिः स्थिताः ॥४१॥

अवग्रहाद्बहिर्गत्वा, वन्देतार्हन्तमादरात् ।
विधिना पुरतः स्थित्वा, रचयेच्चैत्यवन्दनम् ॥४२॥

एकशक्रस्तवेनाद्या, द्वाभ्यां भवति मध्यमा ।
पञ्चभिस्तूत्तमा ज्ञेया, जायते सा त्रिधा पुनः ॥४३॥

स्तुतिपाठे योगमुद्रा, जिनमुद्रा तु वन्दने ।
मुक्ताशुक्तिकमुद्रा तु, प्रणिधाने प्रयुज्यते ॥४४॥

ભવ્યાત્માઓ, મોટા પર્વના દિવસે અને તીર્થક્ષેત્રમાં પણ આ પ્રકારે એકવીશ પ્રકારની પૂજા કરે અને પહેલા બતાવેલી શ્રેષ્ઠ વિધિપ્રમાણે અષ્ટ પ્રકારે પૂજા રોજ કરે. જે જે શ્રેષ્ઠ વસ્તુ મળતી હોય તે ભાવપૂર્વક પૂજામાં વાપરવી. ૩૬

ત્યારબાદ વિશેષ ધર્મ કરવાની ઇચ્છાથી શુદ્ધ વસ્ત્રો પહેરી, અશુચિ માર્ગને ત્યજતો ત્યજતો, સંઘના-ગામના દહેરાસરે જાય. ૩૭.

'હું દહેરાસર જઈશ' આ પ્રમાણે હૃદયમાં ધ્યાન ધરવાથી ઉપવાસનું ફળ પામે, જવા માટે ઉભા થતાં બે ઉપવાસ (છઠ)નું ફળ પામે અને દેરાસરના માર્ગે ચાલતાં ત્રણ ઉપવાસ (અઠ્ઠમ)નું ફળ પામે. ૩૮

દહેરાસર જોતાં ચાર ઉપવાસ, દહેરાસરના દ્વાર પાસે જતાં પાંચ ઉપવાસ, અંતર પેસતાં પંદર ઉપવાસ (પાસક્ષમણ) અને જિનેશ્વરની પૂજા કરતાં ત્રીસ ઉપવાસ (માસક્ષમણ)નું ફળ મળે છે. ૩૯

પછી ત્રણ વાર નિસીહિ કરીને વિદ્વાને દહેરાસરમાં પ્રવેશ કરવો જોઈએ. દેરાસરનું કામકાજ (વહીવટ) કરી શ્રીજિનેશ્વરની આનંદપૂર્વક પૂજા કરવી. ૪૦

શિષ્ટોએ મૂળનાયક ભગવાનની અષ્ટ પ્રકારી પૂજા કરીને ગભારાની અંદર અને બહાર રહેલી શ્રેષ્ઠ શ્રી જિનપ્રતિમાજીની સુંદર પુષ્પોના ગુચ્છાથી પૂજા કરવી. ૪૧

ત્યારપછી ભગવાનના અવગ્રહથી બહાર જઈ આદરપૂર્વક શ્રીઅરિહંતદેવને વંદન કરવું જોઈએ. અને વિધિપૂર્વક શ્રીજિનેશ્વરની સામે રહી ચૈત્યવંદન બોલવું જોઈએ. ૪૨

એક 'નમુત્થુણં'થી જઘન્ય, બેથી મધ્યમ અને અને પાંચ 'નમુત્થુણં'વડે ઉત્તમ એમ ત્રણ પ્રકારે વંદના થાય છે. ૪૩

ભગવાનની સ્તુતિ સમયે યોગમુદ્રા, વંદન વખતે જિનમુદ્રા અને પ્રાર્થના-પ્રણિધાન કરતી વખતે મુક્તાશુક્તિ મુદ્રા કરવી. ૪૪

उदरे कूर्परौ न्यस्य, कृत्वा कोशाकृती करौ ।
अन्योन्याङ्गुलिसंश्लेषाद्योगमुद्रा भवेदियम् ॥४५॥

पुरोङ्गुलानि चत्वारि पश्चादूनानि तानि तु ।
अवस्थितिः पादयोर्या, जिनमुद्रेयमीरिता ॥४६॥

मुक्ताशुक्तिसमाकारौ जानुगर्भस्थितौ समौ ।
ललाटलग्नौ हस्तौ यौ, मुक्ताशुक्तिरियं मता ॥४७॥

नत्वा जिनवरं यायाद्, गदन्नावश्यकीं गृहम् ।
अश्नीयाब्दन्धुभिः सार्द्धं, भक्ष्याभक्ष्यविचक्षणः ॥४८॥

अधौतपादः क्रोधान्धो, वदन् दुर्वचनानि यत् ।
दक्षिणाभिमुखो भुंक्ते, तत्स्याद्राक्षसभोजनम् ॥४९॥

पवित्रांगः शुभे स्थाने, निविष्टो निश्चलः शनैः ।
स्मृतदेवगुरुर्भुङ्क्ते तत्स्यान्मानुषभोजनम् ॥५०॥

स्नात्वा देवान् समभ्यर्च्य, नत्वा पूज्यजनान्मुदा ।
दत्वा दानं सुपात्रेभ्यो, भुंक्ते भक्तं तदुत्तमम् ॥५१॥

भोजने मैथुने स्थाने, वमने दन्तधावने ।
विण्मूत्रोत्सर्गकाले च, मौनं कुर्यान्महामतिः ॥५२॥

आग्नेयीं नैऋतिं भुक्तौ, दक्षिणां वर्जयेद्दिशम् ।
सांध्ये ग्रहणकाले च स्वजनादेः शवस्थितौ ॥५३॥

कार्पण्यं कुरुते यो हि, भोजनादौ धने सति ।
मन्ये मन्दमतिस्सोऽत्र, देवाय धनमर्ज्जति ॥५४॥

પેટ ઉપર બે કોણીઓ સ્થાપન કરી, બે હાથને કમળના ડોડાના આકારે કરી, બંને હાથની આંગળીઓ એકબીજામાં ભેળવવાથી આ યોગમુદ્રા થાય છે. ૪૫

આગળ ચાર આંગળ, પાછળ તેનાથી કાંઈક ઓછું આ પ્રમાણે બંને પગ રાખવાથી જે મુદ્રા થાય તેને જિનમુદ્રા કહે છે. ૪૬

બે ઢીંચણની વચ્ચે રાખેલા, મોતી જેમાં પેદા થાય તે છીપ જેવા આકારવાળા અને લલાટે સ્થાપન કરેલા બે હાથ જ્યારે હોય ત્યારે તેને મુક્તાશુક્તિ મુદ્રા કહે છે ૪૭

ભગવાનને નમસ્કાર કરી, 'આવસ્સહિ' એમ કહેતો પોતાના ઘર તરફ જાય. (ત્યાં) ભક્ષ્ય અને અભક્ષ્યનો વિવેક કરીને વિચક્ષણે પુરુષ પોતાના ભાઈઓ વિ. સ્વજનો સાથે બેસી જમે. ૪૮

પગ ધોયા વિના, ક્રોધથી અંધ બનીને, દુર્વચનોને બોલતો અને દક્ષિણ દિશામાં મુખ રાખી જે જમાય છે તે રાક્ષસભોજન છે. ૪૯.

શરીર શુદ્ધ કરી, શુભ સ્થાનમાં બેસી, અચળપણે, દેવ ગુરુનું સ્મરણ કર્યા બાદ ધીમે ધીમે જે જમાય છે તે માનુષભોજન છે. ૫૦

સ્નાન કર્યા બાદ, દેવપૂજા કર્યા બાદ, વડીલોને નમસ્કાર કરી અને આનંદથી સુપાત્રમાં દાન આપી જે જમાય છે તે ઉત્તમભોજન (દેવભોજન) છે. ૫૧

બુદ્ધિશાળી માણસે ભોજન કરતી વખતે, ભોગ ભોગવતી વખતે, વમન કરતી વખતે, દાંતણ કરતી વખતે અને ઝાડો-પેશાબ કરતી વખતે મૌન રાખવું. ૫૨

જમતી વેળાએ આગ્નેય, નૈઋત્ય અને દક્ષિણ દિશા તરફ બેસવું વ્યર્જ છે. સૂર્યોદય અને સૂર્યાસ્તની સંધ્યાના સમયે, ગ્રહણ ચાલતું હોય તે સમયે અને સ્વજનાદિનું મૃતક જ્યાં સુધી પડ્યું હોય ત્યાં સુધી જમવું જોઈએ નહિ. ૫૩

ધન હોવા છતાં જે ભોજનાદિમાં કૃપણતા કરે છે તે બુદ્ધિહીન મનાયો છે. તે અહીં જે કમાય છે તે જાણે દેવ માટે કમાય છે (અર્થાત્ પોતે ભોગવી શકતો નથી). ૫૪

अज्ञातभाजने नाद्याद्, जातिभ्रष्टगृहेऽपि च ।
अज्ञातानि निषिद्धानि, फलान्यन्नानि संत्यजेत् ॥५५॥

बालस्त्रीभ्रूणगोहत्याकृतामाचारलोपिनाम् ।
स्वगोत्रभेदिनां पंक्तौ, जानन्नोपविशेत्सुधीः ॥५६॥

मद्यं मांसं नवनीतं, मधूदुंबरपञ्चकम् ।
अनन्तकायमज्ञातफलं रात्रौ च भोजनम् ॥५७॥

आगमोरससंयुक्तं, द्विदलं पुष्पितौदनम् ।
दध्यहर्द्वितयातीतं, कुथितान्नं च वर्जयेत् ॥५८॥

जन्तुमिश्रं फलं पुष्पं, पत्रं चान्यदपि त्यजेत् ।
संधानमपि संसक्ति, जिनधर्मपरायणः ॥५९॥

भोजनं विड्विमोक्षं च, कुर्यादतिचिरं न हि ।
वारिपानं तथा स्नानं, पुनः स्थिरतया सृजेत् ॥६०॥

भोजनादौ विपषमं, भोजनान्ते शिलोपमम् ।
मध्ये पीयूषसदृशं, वारिपानं भवेत्त्रिधा ॥६१॥

अजीर्णे भोजनं जह्यात्, कालेऽश्नीयाच्च साम्यतः ।
भुक्तोत्थितो वक्त्रशुद्धिं पत्रपूगादिभिः सृजेत् ॥६२॥

विवेकवान्न ताम्बूलमश्नीयाद्विचरन्पथि ।
पूगाद्यमक्षतं दंतैर्दलयैन्न तु पुण्यवित् ॥६३॥

भोजनादनु नो स्वप्याद्विना ग्रीष्मं विचारवान् ।
दिवा स्वपयतो देहे, जायते व्याधिसंभवः ॥६४॥

॥ इति श्रीआचारोपदेशे द्वितीयवर्गः समाप्तः ॥२॥

અજાણ્યા વાસણમાં જમવું નહિ તેમજ જ્ઞાતિભ્રષ્ટ ઘરે પણ જમવું નહિ. અજાણ્યા અને નિષેધ કરેલા એવા ફળો તેમજ આહારનો ત્યાગ કરવો. ૫૫

બાળ, સ્ત્રી, ગર્ભ અને ગાયની હત્યા કરનાર, સદાચારનો લોપ કરનાર અને પોતાના કુળમર્યાદાનો ભંગ કરનારની પંક્તિમાં પંડિત માણસે જાણતા બેસવું નહિ. ૫૬

દારૂ, માંસ, માખણ, મધ, પાંચ પ્રકારના ઉંબરના ફળો, અનંતકાય, અજાણ્યા ફળ અને રાત્રિભોજનનો ત્યાગ કરવો. ૫૭

કાચાં દૂધ-દહી-છાસની સાથે કોઈપણ જાતનું કઠોળ, ફણગા ફુટેલા અનાજ, બે દિવસ ઉપરાંતનું દહી, અને સડેલું અનાજ છોડી દેવું જોઈએ. ૫૮

જીવસહિત એવા બીજાપણ ફળ, ફુલ, ભાજી (પત્ર)વિ. નો ત્યાગ કરવો. બોલ અથાણું પણ જીવવ્યાકુળ હોવાથી જૈન ધર્મમાં પરાયણ વ્યક્તિએ છોડી દેવું. ૫૯

ભોજન અને મળત્યાગ કરવામાં ઘણીવાર લગાડવી નહિ તેમજ જલપાન અને સ્નાન ઉતાવળથી કરવા નહિ. ૬૦

જમ્યાં પહેલાં પાણી પીવું એ વિષ સમાન, જમ્યાં બાદ પત્થરની જેમ અને જમતી સમયે વચ્ચે વચ્ચે પાણી પીવું એ અમૃત સમાન, આ રીતે જલપાન ત્રણ પ્રકારે ફળ આપનાર થાય છે. ૬૧

અજીર્ણ હોય ત્યારે ભોજન ન કરવું, ભૂખ લાગ્યા બાદ શાંતિથી જમવું, જમીને ઉઠ્યા બાદ પાન-સોપારી વડે મુખશુદ્ધિ કરવી. ૬૨

વિવેકીએ રસ્તે ચાલતા પાન ખાવું નહિં તેમજ પુણ્યશાળીએ આખી સોપારી વિ.ને દાંતથી ભાંગવી ન નહિં. ૬૩

વિચારક પુરુષ ઉનાળા સિવાય જમ્યાં બાદ તરત સૂવે નહિ કારણ કે દિવસે સૂવાથી શરીરમાં રોગ થાય છે. ૬૪

# तृतीय वर्गः ।

ततो गेहे श्रियं पश्यन्, विद्वद्गोष्ठीपरायणः ।
सुतादिभ्यो ददच्छिक्षां, सुखं तिष्ठेद् घटीद्वयम् ॥१॥

आत्मायत्ते गुणग्रामे, दैवायत्ते धनादिके ।
विज्ञाताखिलतत्त्वानां, नृणां न स्याद्गुणच्युतिः ॥२॥

गुणैरुत्तमतां याति, वंशहीनोऽपि मानवः ।
पंकजं ध्रियते मूर्ध्नि, पङ्कः पादेन घृष्यते ॥३॥

न खानिरुत्तमानां स्यात्, कुलं वा जगतिः क्वचित् ।
प्रकृत्या मानवा एव, गुणैर्यान्ति जगन्नुतिम् ॥४॥

सत्वादिगुणसंपन्नो, राज्यार्हः स्याद्यथा नरः ।
एकविंशतिगुणः स्याद्धर्मार्हो मानवस्तथा ॥५॥

अक्षुद्रहृदयः सौम्यो, रूपवान् जनवल्लभः ।
अक्रूरो भवभीरुश्चाशठो दाक्षिण्यवान् सदा ॥६॥

अपत्रपी च सदयो, मध्यस्थः सौम्य एव च ।
गुणरागी सत्कथश्च, सुपक्षो दीर्घदर्श्यपि ॥७॥

वृद्धानुगतो विनीतः, कृतज्ञः सुहितोऽपि च ।
लब्धलक्षो धर्मरत्नयोग्य एभिर्गुणैर्भवेत् ॥८॥

प्रायेण राजदेशस्त्रीभक्तवार्तां त्यजेत्सुधीः ।
ततो नार्थागमः कश्चित्, प्रत्युतानर्थसंभवः ॥९॥

सुमित्रैर्बन्धुभिः सार्द्धं, कुर्याद्धर्मकथामपि ।
तद्विदा सह शास्त्रार्थरहस्यानि विचारयेत् ॥१०॥

# ત્રીજો વર્ગ

ત્યારબાદ ઘરની શોભા જોતો, પંડિતો સાથે વાર્તા કરતો અને પુત્રાદિને હિતશિક્ષા આપતો બે ઘડી સૂખપૂર્વક ઘરમાં રહે. ૧

ગુણ સમુદાય પોતાને વશ છે, ધનાદિક ભાગ્યને આધીન છે, આ રીતે સર્વ તત્ત્વને જાણનારા માણસોના ગુણો ક્યારેય ચાલ્યા જતા નથી. ૨

હલકા કુળવાળો માનવ પણ ગુણવાન હોય તો ઉત્તમતા પામે છે, પંકજ (કમળ) મસ્તક પર ધારણ કરાય છે, જ્યારે પંક (કાદવ) પગવડે મર્દન કરાય છે. ૩

જગતમાં ઉત્તમપુરુષોની ક્યાંય ખાણ કે કુળ હોતા નથી, માનવો પોતાના સ્વભાવ અને ગુણોથી જ જગતની સ્તુતિને પામે છે. ૪

સત્વ વિગેરે ગુણોથી યુક્ત પુરુષ જેમ રાજ્ય કરવા માટે યોગ્ય થાય છે તેમ એકવીશગુણયુક્ત માનવ ધર્મ કરવા માટે યોગ્ય થાય છે - ૫

અક્ષુદ્રહૃદયવાળો ન હોય-૧, સૌમ્ય-૨, રૂપવાન,-૩ લોકપ્રિય-૪ અક્રૂર-૫, ભવનાભય વાળો-૬, સરળ-૭, હંમેશા દાક્ષિણ્યસહિત-૮, લજ્જાળું-૯, દયાવાન-૧૦, મધ્યસ્થ-૧૧, સૌમ્યદષ્ટિવાળો-૧૨, ગુણાનુરાગી-૧૩, સારી વાતને જ કહેનારા-૧૪, સારાનો જ પક્ષ લેનાર-૧૫, દીર્ઘદર્શી-૧૬, વૃદ્ધ જનોને અનુસરનારો-૧૭, વિનયી-૧૮, કૃતજ્ઞ-૧૯ (કરેલા ઉપકારનો યાદ રાખનારો), હિતસ્વી-૨૦ અને વાતના મર્મને પામનારો-૨૧ (લબ્ધલક્ષ્ય) આ પ્રમાણે એકવીશ ગુણોથી ધર્મરૂપી રત્ન માટે અધિકારી બને છે.. ૬-૭-૮

પંડિત પુરુષે પ્રાયઃ કરીને રાજકથા-દેશકથા-સ્ત્રીકથા અને ભોજનકથા આ ચાર વિકથાને ત્યજવી જોઈએ. કારણ કે તેનાથી આત્માનું શ્રેય કાંઈ પણ થતું નથી એટલું જ નહિ પરંતુ અનર્થ થવાની સંભાવના રહે છે... ૯

સારા મિત્રો અને ભાઈઓ સાથે ધર્મકથા પણ કરવી જે ધર્મશાસ્ત્રોના જ્ઞાતા હોય તેમની સાથે શાસ્ત્રોના રહસ્યોની (પરમાર્થો) વિચારણા કરવી. ૧૦

पापबुद्धिर्भवेद्यस्माद्वर्जयेत्तस्य संगतिम् ।
कोपेन वचनेनापि, न्यायं मुञ्चेन्न कर्हिचित् ॥११॥

अवर्णवादं कस्यापि, न वदेदुत्तमाग्रणीः ।
पित्रोर्गुरोः स्वामिनोऽपि, राजादिषु विशेषतः ॥१२॥

मूर्खेर्दुष्टैरनाचारैर्मलिनैर्धर्मनिन्दकैः ।
दुःशीलैर्लोभिभिश्चौरैः संगतिं वर्जयेदलम् ॥१३॥

अज्ञातस्योत्कीर्तनं यत्, स्थानदानं तथाविधम् ।
अज्ञातकुलसंबन्धोऽज्ञातभृत्यस्य रक्षणम् ॥१४॥
महत्सु कोपकरणं, महता विग्रहस्तथा ।
विवादो गुणिभिः सार्धं, स्वोच्चभृत्यस्य संग्रहः ॥१५॥
ऋणं कृत्वा धर्मकृत्यं कुसीदस्याप्ययाचनम् ।
विरोधः स्वजनैः सार्धं मैत्री चापि परैर्नरैः ॥१६॥
ऊर्ध्वारोहणमोक्षार्थं, भुक्तिर्भृत्यस्य दंडनात् ।
दौस्थ्ये बंधोराश्रयश्च, स्वयं स्वगुणवर्णनम् ॥१७॥
उक्त्वा स्वयं च हसनं, यस्य कस्यापि भक्षणम् ।
इहामुत्र विरुद्धानि, मूर्खचिन्हानि संत्यजेत् ॥१८॥

न्यायार्जितधनश्चर्यामदेशकालयौः त्यजेत् ।
राजविद्वेषिभिः संगं, विरोधं च गणैः समम् ॥१९॥

अन्यगौत्रैर्विवाहं च, शीलाचारकुलैः समैः ।
सुप्रातिवेश्मिके स्थाने, कृतवेश्मान्वितः स्वकैः ॥२०॥

उपद्रुतस्य त्यजनं, यथायं च व्ययं चरेत् ।
वेषं वित्तानुसारेणाप्रवृत्तो जनगर्हिते ॥२१॥

જેની સંગતથી પાપ કરવાની બુદ્ધિ ઉત્પન્ન થતી હોય તેની સંગત ત્યજવી જોઈએ. કોઈના ક્રોધપૂર્ણ વચનથી પણ ન્યાયમાર્ગને ક્યારેપણ ન મૂકવો. ૧૧

ઉત્તમ પુરુષોમાં અગ્રણી એવાએ કોઈની પણ નિંદા ન કરવી, એમાં પણ માતા-પિતા, ગુરુ, સ્વામી (માલિક) અને રાજા વિ. મોટા પુરુષોની તો વિશેષે કરીને નહિં કરવી. ૧૨

મૂર્ખ, દુષ્ટ, અનાચારી, મલિન, ધર્મનિંદક, દુરાચારી, લોભી, અને ચોર : આટલા લોકોની સંગતિ છોડી દેવી જોઈએ. ૧૩

અજાણ્યાની પ્રશંસા કરવી-૧, અજાણ્યાને રહેવા સ્થાન આપવું-૨, અજાણ્યા કુળમાં સંબંધ બાંધવો-૩, અજાણ્યા નોકરને રાખવા-૪, મોટા ઉપર ગુસ્સો કરવો-૫, મોટા જોડે ઝગડો કરવો-૬, ગુણવાન જોડે વાદવિવાદ કરવો-૭, મોટા નોકરને રાખવો-૮, દેવું કરીને ધર્મ કરવો-૯, લેણાની ઉઘરાણી નહિ કરવી-૧૦, સ્વજનો જોડે વૈર-વિરોધ કરવો-૧૧, બીજાઓ જોડે મૈત્રી કરવી-૧૨, મોક્ષ મેળવવા ઊંચે ચડવું-૧૩, નોકરોને દંડ આપી ભોગવવું-૧૪, દુઃખમાં ભાઈઓનો આશ્રય કરવો-૧૫, પોતે પોતાના ગુણો ગાવા-૧૬, પોતે બોલીને હસવું-૧૭, જે તે ખાવું-૧૮ આટલા આ લોક અને પરલોક વિરૂદ્ધ એવા મૂર્ખના લક્ષણોનો ત્યાગ કરવો. ૧૪-૧૫-૧૬-૧૭-૧૮

ન્યાયનીતિથી ધન મેળવે, દેશ અને કાળવિરૂદ્ધ કાર્યનો ત્યાગ કરે. રાજાના શત્રુઓનો સંગ ત્યજે અને ટોળા સાથે વિરોધ ન કરે. ૧૯

રહેણીકરણી અને કુળ જેના સરખા હોય અને ગોત્ર જુદું હોય તેની સાથે જ વિવાહ કરે. સારા પાડોશી રહેતા હોય ત્યાં પોતાના સ્વજનો જોડે ઘર બનાવીને રહે. ૨૦

દંગો-ફસાદ, કોમી રમખાણ કે નૈસર્ગિક વાવાઝોડું-પૂર વિ. ઉપદ્રવો થતા હોય એવા સ્થાને રહેવું ન જોઈએ. પોતાની આવક મુજબ જાવક કરવી. પોતાના વૈભવને અનુસાર પહેરવેષ રાખવો અને લોકો નિંદા કરે એવા કાર્યમાં પ્રવર્તવું નહિ. ૨૧

देशाचारं चरन् धर्ममुञ्चन्नाश्रिते हितः ।
बलाबलं विजानन् स्वं, विशेषाच्च हिताहितम् ॥२२॥

वशीकृतेन्द्रियो देवे, गुरौ च गुरुभक्तिमान् ।
यथावत्स्वजने दीनेऽतिथौ च प्रतिपत्तिकृत् ॥२३॥

एवं विचारचातुर्यं, रचयंश्चतुरैः समम् ।
कियतीं क्रामयेद् वेलां, श्रृण्वन् शास्त्राणि वा भणन् ॥२४॥

कुर्वन्नर्थार्जनोपायं, न तिष्ठेद्दैवतत्परः ।
उपक्रमं विना भाग्यं, पुंसां फलति न क्वचित् ॥२५॥

शुद्धेन व्यवहारेण, व्यवसायं सृजन् सदा ।
कूटतोलं कूटमानं, कूटलेख्यं च वर्जयेत् ॥२६॥

अंगारवनशकटभाटकस्फोटजीविकाम् ।
दंतलाक्षारसकेशविषवाणिज्यकानि च ॥२७॥

यंत्रपीडां निर्लांछनमसतीपोषणं तथा ।
दवदानं सरःशोष, इति पंचदश त्यजेत् ॥२८॥

लोहं मधुकपुष्पाणि, मदनं माक्षिकं तथा ।
वाणिज्याय न गृह्णीयात्, कंदान् पत्राणि वा सुधीः ॥२९॥

न रक्षेत्फाल्गुनादूर्ध्वं, न तिलानतसीमपि ।
गुडटुप्परकादीनि, जन्तुघ्नानि घनागमे ॥३०॥

દેશના રીતિરીવાજ આચરતો, ધર્મનો ત્યાગ નહિ કરતો, શરણે આવેલાનું હિત કરતો, બળાબળને જાણતો એવો તે વિશેષે કરી પોતાનું હિત અને અહિત જાણે. ૨૨

પાંચે ઈંદ્રિયને વશ કરી દેવ અને ગુરુની ઘણી ભક્તિ કરતો, યથાયોગ્ય રીતે, સ્વજન, દીન-દુઃખી અને આંગણે આવેલ અતિથિની ભક્તિ કરે. ૨૩.

આ પ્રમાણે ચતુર પુરુષો જોડે વિચારચાતુર્યને (જ્ઞાનગોષ્ઠી) કરતો શાસ્ત્રોને સાંભળતો અથવા ભણતો કેટલોક સમય પસાર કરે. ૨૪

પુરુષાર્થ કર્યા વિના પુરુષોનું ભાગ્ય ક્યારેય ફળતું નથી એમ જાણી ભાગ્ય ઉપર ભરોસો રાખી નહિ બેસી રહેતાં, અર્થોપાર્જન કરવાના ઉપાયો કરવા જોઈએ. ૨૫

ખોટા તોલ, ખોટા માપ અને ખોટા ચોપડા (લેખ) ત્યજી હંમેશા શુદ્ધ વ્યવહારથી વ્યાપાર કરવો જોઈએ. અંગાર કર્મ (કોળસા પાડવા વિ.)-૧, વનકર્મ (વૃક્ષ ઉગાડવા-કાપવા વિ.)-૨, શટક કર્મ (ગાડા જોડવા વિ.)-૩, ભાટકકર્મ (ભાડાની આવક વિ.)-૪, સ્ફોટકકર્મ (સુરંગ ચાંપવી, ખાણ ઉદ્યોગ વિ.)-૫, દંતવાણિજ્ય (હાંથી દાંત વિ. નો ધંધો)-૬, લાખવાણિજ્ય (લાખ વિ. નો ધંધો)-૭, રસવાણિજ્ય (ઘી-તેલ-મદિરા વિ.નો ધંધો)-૮, કેશવાણિજ્ય (પ્રાણીનાં કેશ-ચર્મ વિ.નો ધંધો)-૯, અને વિષવાણિજ્ય (સોમિલ અફીણ, તાલકુટ વિ ઝેરનો ધંધો)-૧૦, યંત્રોદ્યોગ (મીલ-ફેકટરી વિ.)-૧૧, નિર્લાંછનકર્મ (બળદ વિ. ના નાક સમારવા, ખસી કરવી વિ.)-૧૨, અસતીપોષણકર્મ (હિંસક શ્વાન, માર્જાર વિ. પ્રાણી પાળવા વિ.)-૧૩, દવદાન (વન બાળવા વિ.)-૧૪, સરશોષ (કુવો, તળાવ, દ્રહ વિ. ના પાણી સૂકવવાં વિ.)-૧૫ આ પંદર કર્માદાનના (ઘણા કર્મ બંધાવનાર) ધંધાઓ નહિ કરવા. ૨૬-૨૭-૨૮

લોખંડ, મહુવાના ફુલો, દારૂ, મધ તેમજ કંદમૂળ અને ·શાકભાજી (પત્ર)વિ. બુદ્ધિશાળીએ વેપાર માટે ગ્રહણ કરવા નહિ. ૨૯.

ફાગળ માસ પછી તલ (ઓસાવ્યા વિનાના) અને અળસીને ન રાખે તેમજ ચોમાસામાં ગોળ (ઢીલો) અને ટોપરું (સુકું) વિ. પણ જંતુઓનો નાશ કરનારા હોવાથી રાખવા જોઈએ નહિ. ૩૦

शकटं वा बलीवर्दान्, नैव प्रावृषि वाहयेत् ।
प्राणिहिंसाकरं प्रायः, कृषिकर्म न कारयेत् ॥३१॥

विक्रीणीयात्प्राप्तमूल्यं, वांछेन्नैवाधिकं ततः ।
अतिमूल्यकृतां प्रायो, मूलनाशः प्रजायते ॥३२॥

उद्धारकं न प्रदद्यात्, सति लाभे महत्यपि ।
ऋते ग्रहणकाल्लोभान्न, प्रदद्याद्धनं खलुं ॥३३॥

जानन्स्तेयाहृतं नैव, गृह्णीयाद्धर्म्ममर्मवित् ।
वर्जयेत्तत्प्रतिरूपं, व्यवहारं विवेकवान् ॥३४॥

तस्करैरंत्यजैर्धूर्तै, र्मलिनैः पतितैः समम् ।
इहामुत्र हितं वांछन्, व्यवहारं परित्यजेत् ॥३५॥

विचारवान् विक्रीणानो, वदेत् कूटक्रयं न हि ।
आददानोऽन्यसक्तानि, सत्यंकारं न लोपयेत् ॥३६॥

अदृष्टवस्तुनो नैवं, साटकं दृढयेत्सुधीः ।
स्वर्णरत्नादिकं प्रायो, नाददीतापरीक्षितम् ॥३७॥

राजतेजो विना न स्यादनर्थापन्निवारणम् ।
नृपाननुसरेत्तस्मात्, पारवश्यमनाश्रयन् ॥३८॥

तपस्विनं कविं वैद्यं, मर्मज्ञं भोज्यकारकम् ।
मंत्रकं निजपूज्यं च, कोपयेज्जातु नो बुधः ॥३९॥

अतिक्लेशं च धर्मातिक्रमणं नीचसेवनम् ।
विश्वस्तघातकरणं, नाचरेदर्थतत्परः ॥४०॥

ચોમાસામાં ગાડા અને બળદો મારફત ભાર વહન ન જ કરાવવું અને પ્રાયઃ પ્રાણીઓની હિંસાને કરનાર એવી ખેતી કરવી નહિ.. ૩૧

વ્યાજબી ભાવ મળ્યે વસ્તુઓ વેચવી પણ તેથી અધિક લોભ રાખવો નહિ કારણ ઘણું ઉપજાવનારને પ્રાયઃ સમૂળગું જ નાશ પામે છે. ૩૨

ઘણો લાભ થતો હોય તો પણ ઉધાર માલ વેચવો નહિ, ઘરેણાં રાખ્યા વિના લોભને વશ થઈ ખરેખર ધન વ્યાજે આપવું નહિ. ૩૩

ધર્મના મર્મને જાણનારે ચોરીને લાવેલું છે, એમ જાણ્યા પછી ગ્રહણ કરવું નહિ. વિવેકીએ ભેળસેળ વિ. ખરાબ કામો છોડી દેવા જોઈએ. ૩૪

દાણચોરો સાથે, ચંડાળો સાથે, ધૂર્ત લોકો સાથે તેમજ હલકા લોકો સાથે આ ભવમાં અને પરભવમાં હિતની ઈચ્છાવાળાએ વ્યવહાર કરવો નહિ. ૩૫

વિચારકે વસ્તુ વેચતાં ખોટું બોલવું નહિ અને બીજાની વસ્તુ રાખતા થાપણ ઓળવવી નહિ. ૩૬

વસ્તુ જોયા વિના બુદ્ધિમાન પુરુષ એનો સોદો પાકો ન કરે અને સોનું, ઝવેરાત વિગેરે તો પ્રાયઃ પરીક્ષા કર્યા વિના ગ્રહણ કરવા નહિ. ૩૭

રાજાના પ્રભાવ વિના અનર્થ અને આપત્તિઓનું નિવારણ ન થાય માટે રાજાને અનુસરીને રહેવું, છતાં પરવશતા કરવી નહિ. ૩૮

બુધ (પંડિત) પુરુષે-તપસ્વી, કવિ, વૈદ્ય (ચિકિત્સક), મર્મનો જાણ, રસોઈઓ, માંત્રિક અને પોતાને સદૈવ પૂજા કરવા યોગ્ય એવા પૂજ્ય વડીલોને ક્યારેય ગુસ્સે ન કરવા. ૩૯

અર્થોપાર્જન કરવામાં તત્પર બનેલા પુરુષે ઘણો ક્લેશ થાય તેવી પ્રવૃત્તિ, ધર્મનું અતિક્રમણ, નીચ પુરુષોની સેવા અને, વિશ્વાસઘાત નહિ કરવો. ૪૦

आदाने च प्रदाने च, न कुर्यादुक्तलोपनम् ।
प्रतिष्ठां महतीं याति, नरः स्ववचने स्थिरः ॥४१॥

धीरः स्ववस्तुनाशेऽपि, पालयेद्धि निजां गिरम् ।
नाशयेत् स्वल्पलाभार्थे, वसुवत्स्यात्स दुःखितः ॥४२॥

एवं व्यवहारपरो यामं तुर्यं च यापयेत् ।
वैकालिककृते गच्छेदथो मंदिरमात्मनः ॥४३॥

एकाशनादिकं येन, प्रत्याख्यानं कृतं भवेत् ।
आवश्यककृते सायं, मुनिस्थानमसौ व्रजेत् ॥४४॥

दिवसस्याष्टमे भागे, कुर्याद्वैकालिकं सुधीः ।
प्रदोषसमये नैव, निश्चयद्यानैव कोविदः ॥४५॥

चत्वारि खलु कर्माणि, संध्याकाले विवर्जयेत् ।
आहारं मैथुनं निद्रां, स्वाध्यायं च विशेषतः ॥४६॥

आहाराज्ञायते व्याधिर्मैथुनाद् गर्भदुष्टता ।
भूतपीडा निद्रया स्यात्, स्वाध्यायाद् बुद्धिहीनता ॥४७॥

प्रत्याख्यानं द्युचरिमं, कुर्याद्वैकालिकादनु ।
द्विविधं त्रिविधं वापि, चाहारं वर्जयेत्समम् ॥४८॥

अह्नो मुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजेत् ।
निशाभोजनदोषज्ञो, विज्ञेयः पुण्यभाजनम् ॥४९॥

લેવડ-દેવડમાં પોતાનું બોલેલું વચન લોપવું નહિ. કારણ કે પોતાના વચનને સ્થિર રાખનાર માણસ મહાન પ્રતિષ્ઠા (ખ્યાતિ) પામે છે. ૪૧

ધીરપુરુષોએ પોતાની વસ્તુનો નાશ થાય તો પણ ખરેખર પોતાના વચનને પાળવું. થોડા લાભ માટે જે પોતાના વચનને જતો કરે છે તે વસુરાજાની જેમ દુઃખી થાય છે. ૪૨

આ પ્રમાણે વ્યવહાર કરવામાં તત્પર બનેલો તે ચોથો પ્રહર પસાર કરી સાંજનું વાળું કરવા પોતાને ઘરે જાય. ૪૩

જેણે એકાસણું વિ. પચ્ચક્ખાણ કર્યું છે તેણે આવશ્યક (પ્રતિક્રમણ) કરવા માટે સાંયકાળે ઉપાશ્રયે (સાધુ ભગવંતો હોય તે સ્થાને) જવું. - ૪૪

બુદ્ધિમાને સૂર્યાસ્તના ૯૬ મિનિટ પૂર્વે વાળું કરવું જોઈએ, સંધ્યાના સમયે વાળું નહિ જ કરવું અને રાત્રે તો બુદ્ધિમાન જમે જ નહિ. ૪૫

આહાર, મૈથુન, નિદ્રા અને વિશેષે કરીને સ્વાધ્યાય આ ચાર કર્મો સાંયકાળે ત્યજવા જોઈએ. ૪૬

સાંજે જમવાથી રોગ થાય છે, મૈથુન કરવાથી ગર્ભમાં દોષ ઉત્પન્ન થાય છે, નિદ્રા કરવાથી વ્યંતર-ભૂતાદિની પીડા થાય અને સ્વાધ્યાય કરવાથી બુદ્ધિની હીનતા થાય છે. ૪૭

વાળું કર્યા બાદ 'દિવસચરિમ' પચ્ચક્ખાણ કરે જેમાં યથાયોગ્ય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આ ચારે-ત્રણ-બે આહારનો ત્યાગ કરે. ૪૮

દિવસની શરૂઆતમાં અને પૂર્ણાહુતિમાં બે બે ઘડી (૪૮-૪૮ મિનિટ) આહારનો જે ત્યાગ કરે છે તેને રાત્રિભોજનના દોષનો જાણકાર અને પુણ્યનું ભાજન જાણવો. ૪૯

करोति विरतिं धन्यो, यः सदा निशि भोजनात् ।
सोर्द्धं पुरूषायुष्कस्य, स्यादवश्यमुपोषितः ॥५०॥

वासरे च रजन्यां च, यः खादन्नवतिष्ठते ।
श्रृंगपुच्छपरिभ्रष्टः, स स्पष्टं पशुरेव हि ॥५१॥

उलूककाकमार्जारगृध्रशंबरशूकराः ।
अहिवृश्चिकगोधाश्च, जायन्ते रात्रिभोजनात् ॥५२॥

नैवाहुतिर्न च स्नानं, न श्राद्धं देवताचर्नम् ।
दानं वा विहितं रात्रौ, भोजनं तु विशेषतः ॥५३॥

एवं नयेद्यश्चतुरोऽपि यामान्, नयाभिरामः पुरुषो दिनस्य ।
नयेन युक्तो विनयेन दक्षो, भवेदसावच्युतसौख्यभाग् वै ॥५४॥

॥ इति श्रीआचारोपदेशे तृतीयवर्गः ॥

જે ધન્યપુરુષ હંમેશા રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે અવશ્ય પોતાના આયુષ્યનો અર્ધભાગ જેટલો કાળ ઉપવાસ કરે છે. ૫૦

ખરેખર, દિવસ અને રાત્ર જોયા વિના જે ખાધાં જ કરે તે માણસ પ્રગટ પણે શિંગડા અને પૂંછડા વિનાનો પશુ જ છે. ૫૧

રાત્રિભોજન કરવાથી ઘૂવડ, કાગડો, બિલાડો, ગીધ, સાંબર, ડુક્કર (ભૂંડ), સાપ, વીંછી, અને ઘો રૂપે જન્મ થાય છે. ૫૨

રાત્રે હોમ ન કરાય, સ્નાન ન કરાય, શ્રાદ્ધ ન કરાય, દેવપૂજા ન કરાય, દાન ન અપાય અને વિશેષે કરીને ભોજન પણ ન કરાય. ૫૩

આ પ્રમાણે ન્યાય-નીતિ વડે શોભતા પુરુષે દિવસના ચારે પ્રહર વીતાવવાં. નીતિથી યુક્ત અને વિનય કરવામાં દક્ષ એવો તે અક્ષય-મુક્તિસુખનો ભાગી થાય છે. ૫૪

## चतुर्थवर्गः ।

प्रक्षाल्य स्वल्पनीरेण, पादौ हस्तौ तथा मुखम् ।
धन्यंमन्यः पुनः सायं, पूजयेच्छ्रीजिनं मुदा ॥१॥

सत्क्रियासहितं ज्ञानं, जायते मोक्षसाधकम् ।
जानन्निति पुनः सायं, कुर्यादावश्यकीं क्रियाम् ॥२॥

क्रियैव फलदा लोके, न ज्ञानं फलदं मतम् ।
यतः स्त्रीभक्ष्यभेदज्ञो, न ज्ञानात् सुखितो भवेत् ॥३॥

गुर्वभावे निजगृहे कुर्वीतावश्यकं सुधीः ।
विन्यस्य स्थापनाचार्यं नमस्कारावलीमथ ॥४॥

धर्माद्धि सर्वकार्याणि, सिध्यन्तीति विदन् हृदि ।
सर्वदा तद्गतस्वान्तो, धर्मवेलां न लंघयेत् ॥५॥

अतीतानागतं कर्म्म, क्रियते यज्ञपादिकम् ।
वापिते चोषरे क्षेत्रे, धान्यवन्निष्फलं भवेत् ॥६॥

विधिं सम्यक् प्रयुञ्जित, कुर्वन्धर्मक्रियां सुधीः ।
हीनाधिकं सृजन्मंत्रविधिवद् दुःखितो भवेत् ॥७॥

धर्मानुष्ठानवैतथ्ये, प्रत्युतानर्थसंभवः ।
रौद्ररंध्रादिजनकाद्दुष्प्रयुक्तादिवौषधात् ॥८॥

वैयावृत्त्ये कृते श्रेयोऽक्षयं मत्वा विचक्षणः ।
विहितावश्यकः श्राद्धः, कुर्याद्विश्रामणां गुरोः ॥९॥

## વર્ગ ૪થો

સાંજે અલ્પ જળથી બે હાથ, બે પગ અને મુખને ધોઈ પોતાને ધન્ય માનતા તેણે આનંદથી શ્રી જિનેશ્વરની પૂજા (ધૂપ-દીપાદિ) ફરી કરવી. ૧

વિધિપ્રમાણે કરેલી ક્રિયા સહિતનું જ્ઞાન મોક્ષને આપનારું થાય છે આ પ્રમાણે જાણતાં તેણે સાંજે ફરી પ્રતિક્રમણની ક્રિયા કરવી. ૨

જેમ સ્ત્રીઓના અને ભોજનના પ્રકારોના જ્ઞાન માત્રથી જ તેના જાણકારને તે અંગેનું સુખ નથી મળતું પરંતુ તે-તે ભોગની ક્રિયા કરવાથી સુખ મળે છે તેમ લોકમાં જ્ઞાન નહિ પરંતુ ક્રિયા જ ફળદાયક બને છે. ૩

હવે ગુરુનો યોગ ન હોય ત્યારે પંડિતે પોતાના ઘરમાં સ્થાપનાચાર્ય અથવા નવકારવાળીની સ્થાપના કરી પ્રતિક્રમણ કરવું. ૪

ધર્મથી જ ખરેખર સઘળા કાર્યો સિદ્ધ થાય છે એમ હૃદયમાં જાણતો અને હંમેશા ધર્મમય અંતઃકરણવાળાએ ધર્મ કરવાના અવસરો ચૂકવાં ન જોઈએ. ૫

જપ વિગેરે ધર્મકાર્યો જે સમયે કરવાના કહ્યા છે તેનાથી આગળ-પાછળ કરો તો તે ઉખર ભૂમિમાં વાવેલા અનાજની જેમ નિષ્ફળ જાય છે. ૬

ધર્મક્રિયા કરતા બુદ્ધિમાને સમ્યક્ પ્રકારે વિધિ કરવી. જો અધિકું ઓછું કરવામાં આવે તો મંત્રની વિધિની જેમ દુઃખી થાય છે. ૭

અવિધિથી લીધેલા ઔષધથી જેમ ચાંદા વિગેરે રોગો થાય તેમ ધર્મનિષ્ઠામાં પણ આઘું-પાછું કરવાથી ઉલટાનો અનર્થ થાય છે. ૮

વૈયાવચ્ચ (સેવા) કરવાથી અક્ષય-શ્રેય (મોક્ષ) થાય છે, આ રીતે જાણી વિચક્ષણ શ્રાવકે પ્રતિક્રમણ કર્યા બાદ ગુરુની સેવા સુશ્રૂષા કરવી. ૯

वस्त्रावृतमुखो मौनी हरन् सर्वांगजं श्रमम् ।
गुरुं संवाहयेद्यत्नात्, पादस्पर्शं त्यजन्निजम् ॥१०॥

ग्रामचैत्ये जिनं नत्वा, ततो गच्छेत्स्वमंदिरम् ।
प्रक्षालितपदः पंचपरमेष्ठिस्तुतिं स्मरेत् ॥११॥

अर्हन्तः शरणं संतु, सिद्धाश्च शरणं मम ।
शरणं जिनधर्मो मे, साधवः शरणं सदा ॥१२॥

नमः श्रीस्थूलिभद्राय, कृतभद्राय तायिने ।
शीलसन्नाहमाबिभ्रद्, यो जिगाय स्मरं रयात् ॥१३॥

गृहस्थस्यापि यस्यासन्, शीललीला महत्तराः ।
नमः सुदर्शनायास्तु, दर्शनेन कृतश्रिये ॥१४॥

धन्यास्ते कृतपुण्यास्ते, मुनयो जितमन्मथाः ।
आजन्मनिरतिचारं, ब्रह्मचर्यं चरंति ये ॥१५॥

निःसत्वो भूरिकर्मा हि, सर्वदाप्यजितेन्द्रियः ।
नैकाहमपि यः शक्तः शीलमाधातुमुत्तमम् ॥१६॥

संसार तव निस्तारपदवी न दवीयसी ।
अंतरा दुस्तरा न स्युर्यदि रे मदिरेक्षणाः ॥१७॥

अनृतं साहसं माया, मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः ॥१८॥

या रागिणि विरागिणीस्त्रियस्ताः कामयेत कः ।
सुधीस्तां कामयेन्मुक्तिं, या विरागिणि रागिणी ॥१९॥

વસ્ત્રથી મોઢું બાંધી, મૌનપણે, ગુરુના સઘળાય અંગોનો થાક ઉતારતાં ઉતારતાં અને પોતાના પગનો સ્પર્શ ગુરુને નહિ થવા દેતા ગુરુની સેવા કરવી. ૧૦

ત્યારપછી સંઘના જિનાલયમાં શ્રીજિનેશ્વરને નમી પોતાને ઘરે જાય ત્યાં પગ ધોઈને નવકાર મંત્ર (પંચપરમેષ્ઠિસ્તુતિ) યાદ કરે. ૧૧

શ્રીઅરિહંતો, શ્રીસિદ્ધભગવંતો, શ્રીજૈનધર્મ અને શ્રીસાધુભગવંતોનું મને હંમેશાં શરણ થાઓ. ૧૨

ભદ્ર (મંગળ)ને કરનાર, દુઃખથી રક્ષા કરનાર, શીલરૂપ બખ્તર પહેરીને કામદેવને વેગથી જીતતા એવા શ્રીસ્થૂલિભદ્રસ્વામીને મારો નમસ્કાર થાઓ. ૧૩

ગૃહસ્થ હોવા છતાં પણ જેમના બ્રહ્મચર્યનો મહિમા મહાન હતો અને સમ્યગ્દર્શનવડે શોભા પ્રાપ્ત કરનાર એવા શ્રીસુદર્શનશ્રેષ્ઠિને મારો નમસ્કાર થાઓ. ૧૪

કોઈપણ દોષ સેવ્યા વિના આજન્મ બ્રહ્મચર્યને પાળતા જે પુણ્યશાળી મુનિવરોએ કામદેવનો જીત્યા છે તે ધન્ય છે. ૧૫

ખરેખર, સત્વહીન, ભારેકર્મી અને સર્વ પ્રકારે ઇંદ્રિયોને વશ એવો પુરુષ એક દિવસ માટે પણ ઉત્તમ એવા શીલવ્રતને ધારણ કરવા સમર્થ નથી. ૧૬

અરે સંસારરૂપી સમુદ્ર ! મદિરાક્ષી રૂપ (સ્ત્રીઓરૂપ) શિલાઓ જો વચ્ચે ન હોય તો તારો પાર પામવો દૂર નથી. ૧૭

જૂઠું બોલવું, સાહસ કરવું, માયા કરવી, મૂર્ખપણું, ઘણો લોભ, અપવિત્રપણું અને નિર્દયપણું આ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે. ૧૮

રાગી પુરુષો ઉપર પણ વિરાગી હોય એવી સ્ત્રીઓને કોણ ઇચ્છે ? બુદ્ધિમાન પુરુષ તો તે મુક્તિરૂપી સ્ત્રીની ઇચ્છા કરે કે જે વિરાગી ઉપર રાગી હોય. ૧૯

एवं ध्यायन् भजेन्निद्रां, स्वल्पं कालं समाधिमान् ।
भजेन्न मैथुनं धीमान्, धर्मपर्वसु कर्हिचित् ॥२०॥

नातिकालं निषेवेत, प्रमीलां जातु चित्सुधीः ।
अत्युद्रिक्ता भवेदेषा, धर्मार्थसुखनाशिनी ॥२१॥

अल्पाहारोऽल्पनिद्रश्च, स्वल्पारंभपरिग्रहः ।
भवत्यल्पकषायी यो, ज्ञेयःसोऽल्पभवभ्रमः ॥२२॥

निद्राहारभयस्नेहलज्जाकामकलिक्रुधः ।
यावन्मात्रा विधीयन्ते, तावन्मात्रा भवन्त्यमी ॥२३॥

विघ्नव्रातलतानेमिं, श्रीनेमिं मनसि स्मरन् ।
स्वापकाले नरो नैव, दुःस्वप्नैः परिभूयते ॥२४॥

अश्वसेनावनीपाल-वामादेवीतनूरुहम् ।
श्रीपार्श्वं संस्मरन्नित्यं, दुःस्वप्नानि न पश्यति ॥२५॥

श्रीलक्ष्मणांगसंभूतं, महसेननृपांगजं ।
चंद्रप्रभं स्मरंश्चित्ते, सुखं निद्रां लभेत वै ॥२६॥

सर्वविघ्नाहिगरुडं, सर्वसिद्धिकरं परम् ।
ध्यायन् शांतिजिनं नैति, चौरादिभ्यो भयं नरः ॥२७॥

इत्यवेत्य दिनकृत्यमशेषं, श्राद्धवर्गजनितोत्तमतोषम् ।
संचरन्निह परत्र च लोके, कीर्तिमेति पुरुषो धुतदोषः ॥२८॥

इति श्रीआचारोपदेशे चतुर्थवर्गः ।

આ પ્રમાણે ધ્યાન ધરતો એવો સમાધિવંત પુરુષ અલ્પ કાળ સુધી નિદ્રા કરે. બુદ્ધિમાને ક્યારે પણ ધાર્મિક પર્વના દિવસોમાં વિષયભોગ ભોગવવા નહિ. ૨૦

ક્યારે પણ પંડિત પુરુષે ઘણો કાળ સુધી નિદ્રાનું સેવન ન કરવું, ઘણી ઊંઘ કરવાથી તે ધર્મ, અર્થ અને કામ (સુખ)નો નાશ કરે છે. ૨૧

અલ્પ આહારવાળો, અલ્પ નિદ્રાવાળો, અલ્પ આરંભ – સમારંભવાળો અને અલ્પ પરિગ્રહવાળો તેમજ અલ્પ કષાયવાળો જે હોય તે થોડો સમય જ સંસારમાં ભ્રમણ કરનારો છે એમ જાણવું ૨૨

નિદ્રા, આહાર, ભય, સ્નેહ, લજ્જા, કામ, કજીયો અને ક્રોધ આટલી વસ્તુઓની માત્રા જેટલી વધારો તેટલી તે વધે છે. ૨૩

વિઘ્નનાં સમૂહરૂપી વેલડીને છેદવા તીક્ષ્ણ ધારવાળા ચક્ર સમાન શ્રી-નેમિનાથ પ્રભુને મનમાં સ્મરણ કરતો માણસ ક્યારેય નિદાકાળમાં ખરાબ સ્વપ્નોથી પરાભવ પામતો નથી (ઘબરાતો નથી). ૨૪

શ્રીઅશ્વસેન મહારાજા અને શ્રીવામાદેવીના સુપુત્ર એવા શ્રીપાર્શ્વનાથ પ્રભુને હંમેશા સ્મરણ કરનારો ખરાબ સ્વપ્નોને દેખતો નથી. ૨૫

શ્રીલક્ષ્મણા રાણી તથા શ્રીમહસેન મહારાજાના સુપુત્ર એવા શ્રીચંદ્રપ્રભસ્વામીને ચિત્તમાં સ્મરણ કરનારો સુખપૂર્વક નિદ્રાને પામે છે. ૨૬

સર્વ વિઘ્નરૂપી સર્પને માટે ગરૂડ જેવા, શ્રેષ્ઠ એવી સઘળીય સિદ્ધિઓને આપનારા એવા શ્રીશાંતિનાથ જિનેશ્વરનું ધ્યાન ધરતો માણસ ચોરાદિથી ભય પામતો નથી. ૨૭

આ રીતે શ્રાવક વર્ગમાં ઉત્તમ સંતોષ કરનાર, દિનસંબંધિ સઘળાય વિધિને જાણીને તે કૃત્યને કરનાર, તેમજ પોતાના દોષને ટાળનાર પુરુષ આ લોક અને પરલોકમાં કીર્તિને પામે છે. ૨૮

## पंचमवर्गः ।

लब्ध्वा तन्मानुषं जन्म, सारं सर्वेषु जन्मसु ।
सुकृतेन सदा कुर्यात्, सकलं सफलं सुधीः ॥१॥

निरन्तरकृताद्धर्मात्, सुखं नित्यं भवेदिति ।
अवन्ध्यं दिवसं कुर्यात्, दानध्यानतपःश्रुतैः ॥२॥

आयुस्तृतीयभागे च, जीवोंत्यसमयेऽथवा ।
आयुः शुभाशुभ प्रायो, बघ्नाति परजन्मसु ॥३॥

आयुस्तृतीयभागस्थः, पर्वश्रेणीषु पंचसु ।
श्रेयः समाचरन् जन्तुर्बध्नात्यायुर्निजं ध्रुवम् ॥४॥

जन्तुराराधयेद्धर्मं, द्वितीयायां द्विधा स्थितम् ।
सृजन् सुकृतसंघातं, रागद्वेषद्वयं जयेत् ॥५॥

पंच ज्ञानानि लभते, चारित्राणि व्रतानि च ।
पंचमीं पालयन् पंचप्रमादाञ्जयति ध्रुवम् ॥६॥

दुष्टाष्टकर्मनाशायाष्टमी भवति रक्षिता ।
स्यात्प्रवचनमातृणां, शुद्धयेऽष्टमदान् जयेत् ॥७॥

एकादशांगानि सुधीराराधयति निश्चितम् ।
एकादश्यां शुभं तन्वन् श्रावकप्रतिमास्तथा ॥८॥

# પાંચમો વર્ગ

સઘળા જન્મોમાં સારભૂત એવા એ માનવ જન્મને પામી બુદ્ધિમાને સુકૃત (પુણ્ય) કરવા વડે સંપૂર્ણ જન્મને હંમેશા સફળ કરવો જોઈએ. ૧

હંમેશા ધર્મ કરવાથી સુખ પણ નિત્ય મળે છે. (માટે) દાન, ધ્યાન, તપ અને જ્ઞાન આરાધનાથી દિવસને સફળ કરવો જોઈએ. ૨

જીવ પોતાના આયુષ્યના પ્રાયઃ ત્રીજે ભાગે અથવા અંત સમયે આગામી ભવનું શુભ અથવા અશુભ આયુષ્ય બાંધે છે. ૩

આયુષ્યના ત્રીજા ભાગે રહેલો અને બીજ, પાંચમ, આઠમ, અગીયારસ તેમજ ચૌદસ આ પાંચ પર્વશ્રેણિને દિવસે શ્રેયને (ધર્મને) કરતો જીવ નિશ્ચે કરી પોતાનું આયુષ્ય બાંધે છે. ૪

બીજના દિવસે, બે પ્રકારના (સાધુધર્મ-શ્રાવકધર્મ) ધર્મને આરાધતો એવો પ્રાણી સુકૃતની રાશીને ભેગી કરી રાગ અને દ્વેષ આ બેને જીતે છે. ૫

પાંચમની આરાધનાને કરનાર પાંચ પ્રકારના જ્ઞાનને મેળવે છે, પાંચ પ્રકારના ચારિત્ર અને વ્રતોને મેળવે છે અને ચોક્કસ પાંચે પ્રમાદોને જીતે છે. ૬

દુષ્ટ એવો આઠ કર્મોના નાશ માટે આઠમ તિથિ રાખેલી છે. તેની આરાધનાથી આઠે પ્રવચનમાતા (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ)ની શુદ્ધિ થાય છે અને આઠે પ્રકારના મદ (અભિમાન) જીતાય છે. ૭

એકાદશીએ બુદ્ધિમાન પુરુષ અગીયાર અંગોને નક્કી કરીને આરાધે છે તેમજ શુભને કરતો શ્રાવકની અગીયાર પ્રતિમાઓને આરાધે છે. ૮

चतुर्दशरज्जुपरि, वासमासादयत्यहो ।
चतुर्दश्यामाराधयेत्, पूर्वाणि च चतुर्दश ॥९॥

पंच पर्वाण्यमूनीह, फलदानि यथोत्तरम् ।
तदत्र विहितं श्रेयो, ह्यधिकं फलदं भवेत् ॥१०॥

धर्मक्रियाः प्रकुर्वन्ति, विशेषात् पर्ववासरे ।
आराधयन्नुत्तरगुणान्, वर्जयेत्स्नानमैथुनम् ॥११॥

विदध्यात्पौषधं धीमान्, मुक्तिवश्यौषधं परम् ।
तदशक्तौ विशेषेण, श्रयेत्सामायिकं व्रतम् ॥१२॥

च्यवनं जननं दीक्षा, ज्ञानं निर्वाणमप्यहो ।
अर्हतां कल्याणकानि, सुधीराराधयेत्तथा ॥१३॥

एकस्मिन्नेकाशनकं, द्वयोर्निर्विकृतं तपः ।
त्रिष्वाचाम्लं सपूर्वार्द्धं, चर्तुषूपोषितं सृजेत् ॥१४॥

सपूर्वाद्धमु चोपवासमतः पञ्चसु तेष्वपि ।
पंचभिर्वत्सरैः पूर्यात्, तेषु चोपोषिते सुधीः ॥१५॥

अर्हदादिपदस्थानि, विंशतिस्थानकानि च ।
प्रकुर्वीत विधिं धन्यस्तपसैकाशनादिना ॥१६॥

ततो विधिध्यानपरो, योऽमून्याराधयत्यहो ।
लभते तीर्थकृन्नाम-कर्माशर्महरं परम् ॥१७॥

ચૌદસના દિવસે આરાધના કરવાથી ખરેખર ચૌદ પૂર્વને આરાધે છે અને ચૌદ રાજલોકના ઉપર મોક્ષમાં સ્થાન પામે છે. ૯

આ પાંચે પર્વ દિવસો એક કરતાં એક અધિક ફળને આપનારા છે માટે આ દિવસોમાં ધર્મ કરવાથી ખરેખર ઘણું ફળ પ્રાપ્ત થાય છે. ૧૦

પર્વના દિવસે વિશેષ ધર્મક્રિયાઓ કરવી જોઈએ અને (પૌષધ વિ.) ઉત્તર ગુણોની આરાધના કરતાં સ્નાન અને ભોગ ત્યજવા. ૧૧

મુક્તિને વશ કરવા માટે પરમ ઔષધસ્વરૂપ એવો પૌષધ બુદ્ધિશાળીએ કરવો જોઈએ. પૌષધ કરવાની અશક્તિ હોય તો વિશેષે કરી સામાયિક વ્રતનો આશ્રય કરવો. ૧૨

શ્રીઅરિહંત પરમાત્માનું ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ આ પાંચે કલ્યાણકોની પણ બુદ્ધિમાને આરાધના કરવી. ૧૩

એક કલ્યાણક હોય ત્યારે એકાસણું, બે હોય ત્યારે નીવી, ત્રણ હોય ત્યારે પુરિમઢ્ઢ આયંબીલ અને ચાર કલ્યાણક હોય ત્યારે ઉપવાસ કરવો. ૧૪

પાંચ કલ્યાણક હોય ત્યારે પણ પુરિમઢ્ઢ ઉપવાસ + એક એકાસણું કરવો. આ રીતે બુદ્ધિવંતે પાંચ વર્ષમાં આ કલ્યાણક તપ પૂર્ણ કરવો. ૧૫

ધન્ય પુરુષે શ્રીઅરિહંત પદ વિ. વીશ સ્થાનકોની આરાધના એકાસણું વિગેરે તપ કરવા દ્વારા કરવી. ૧૬

વિધિ અને ધ્યાન કરવા પૂર્વક આ વીશસ્થાનકની આરાધના કરવાથી ખરેખર દુઃખને હરનારું એનું શ્રેષ્ઠ શ્રીતીર્થંકરનામ કર્મ બંધાય છે. ૧૭

उपवासेन यः शुक्लामाराधयति पञ्चमीम् ।
सार्धानि पञ्चवर्षाणि, लभते पंचमीं गतिम् ॥१८॥

उद्यापनं व्रते पूर्णे, कुर्याद्वा द्विगुणं व्रतम् ।
तपोदिनप्रमाणानि, भोजयेन्मानुषाणि च ॥१९॥

कारयेत्पञ्चपञ्चोच्चैर्ज्ञानोपकरणानि च ।
पञ्चम्युद्यापने तद्वच्चैत्योपकरणान्यपि ॥२०॥

पाक्षिकावश्यकं तत्त्वं, चतुर्दश्यामुपोषितम् ।
पक्षं विशुद्धं तनुते, द्विधापि श्रावको निजम् ॥२१॥

त्रिषु चातुर्मासिकेषु, कुर्यात्षष्ठं तपः सुधीः ।
अष्टपर्वण्यष्टमीं च, तदावश्यकयुक् सृजेत् ॥२२॥

अष्टाह्निकासु सर्वासु, विशेषात् पर्ववासरे ।
आरंभान् वर्जयेद् गेहे, खंडनापेषणादिकान् ॥२३॥

पर्वणि शृणुयाज्ज्येष्ठे, श्रीकल्पं स्वच्छमानसः ।
शासनोत्सर्पणं कुर्वन्नमारीं कारयेत्पुरे ॥२४॥

श्राद्धो विधाय स्वं धर्मं, नो तृप्तिं तावता व्रजेत् ।
अतृप्तमानसः कुर्याद्धर्मकर्माणि नित्यशः ॥२५॥

वृषपर्वणि श्रीकल्पं, सावधानः शृणोति यः ।
अंतर्भवाष्टकं धन्यो, लभेत परमं पदम् ॥२६॥

સાડા પાંચ વર્ષ સુધી ઉપવાસ કરી જે શુક્લ પંચમીની આરાધના કરે છે તે પાંચમી ગતિ (મોક્ષ) પામે છે. ૧૮

વ્રત પૂર્ણ થયા પછી વ્રતનું ઉજમણું કરવું. જેની ઉજમણું કરવાની શક્તિ ન હોય તે બમણું તપ કરે અને તપના જેટલા દિવસો હોય તેટલા મનુષ્યોને ભોજન આપે. ૧૯

પંચમી તપના ઉજમણાંમાં જ્ઞાનના પાંચ–પાંચ ઉપકરણો અને તેમજ દેરાસરના પાંચ પાંચ ઉપકરણો સારી રીતે કરાવે. ૨૦

ચૌદસના દિવસે તત્ત્વસ્વરૂપ ઉપવાસ અને પક્ખી પ્રતિક્રમણને કરી શ્રાવક પોતાને બેય પક્ષને વિશુદ્ધ કરે છે. (પંદર દિવસનો એક પક્ષ અને કુટુંબનો બીજો પક્ષ). ૨૧

બુદ્ધિમાન ત્રણે ચોમાસીએ છઠ્ઠ (બે ઉપવાસ)નો તપ કરે. સંવત્સરીની અઠ્ઠાઈમાં અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) અને સંવત્સરીએ પ્રતિક્રમણ કરે. ૨૨

સઘળીય અઠ્ઠાઈઓમાં અને વિશેષે કરી પર્વ દિવસે ઘરમાં ખાંડવું, પીસવું વિગેરે હિંસક કાર્યો (આરંભ)નો ત્યાગ કરવો. ૨૩

મોટા પર્વ પજુસણમાં સ્વચ્છ ચિત્તથી શ્રીકલ્પસૂત્ર સાંભળવું જોઈએ અને નગરમાં, જિનશાસનની ઉન્નતિને કરનારી અમારીને (અહિંસા) પ્રવર્તાવવી. ૨૪

શ્રાવકે, આટલા પોતાના ધર્મ કરીને તૃપ્તિ નહિ પામવી, (પરંતુ) સંતોષ રાખ્યા વિના હંમેશા ધર્મકાર્યો કરવા. ૨૫

વાર્ષિક પર્વમાં સાવધાન થઈ જે કલ્પસૂત્રને સાંભળે છે તે ધન્યપુરુષ આઠ ભવમાં પરમપદ (મોક્ષ) પામે છે. ૨૬

सम्यक्त्वसेवनान्नित्यं, सब्रह्मव्रतपालनात् ।
यत्पुण्यं जायते लोके, श्रीकल्पश्रवणेन तत् ॥२७॥

दानैस्तपोभिर्विविधैः, सत्तीर्थोपासनैरहो ।
यत्पापं क्षीयते जन्तोस्तत्पापं श्रवणेन वै ॥२८॥

मुक्तेः परं पदं नास्ति, तीर्थं शत्रुञ्जयात्परम् ।
संदर्शनात्परं तत्त्वं, शास्त्रं कल्पात्परं न हि ॥२९॥

अमावस्याप्रतिपदोर्दीपोत्सवदिनस्थयोः ।
प्राप्तनिर्वाणसज्ज्ञानौ, स्मरेच्छ्रीवीरगोतमौ ॥३०॥

उपवासद्वयं कृत्वा, गौतमं दीपपर्वणि ।
स्मरेत्स लभते नूनमिहामुत्र महोदयान् ॥३१॥

स्वगृहे ग्रामचैत्ये च, विधिनार्चां जिनेशितुः ।
कृत्वामङ्गलदीपं चाश्नीयात्सार्द्धं स्वबंधुभिः ॥३२॥

कल्याणके जिनानां हि, परमे दिनपंचके ।
निजशक्त्या सदर्थिभ्यो, दद्याद्दानं यथोचितम् ॥३३॥

इत्थं सुपर्वविहितोत्तमकृत्यचार्वाचारप्रचारपिहिताश्रववर्गमार्गः ।
श्राद्धः समृद्धविधिवर्द्धितशुद्धबुद्धिर्भुक्तिं सुपर्वसुखमेति च मुक्तिसौख्यम् ॥३४॥

इति श्री आचारोपदेशे पंचमवर्गः ।

હંમેશા સમ્યક્ત્વનું પાલન કરવાથી અને બ્રહ્મચર્ય સહિત વ્રતનું પાલન કરવાથી લોકમાં જે પુણ્ય થાય છે તે શ્રીકલ્પસૂત્રના શ્રવણથી થાય છે. ૨૭

ખરેખર, વિવિધ પ્રકારના દાન અને તપોવડે, તેમજ વિવિધ તીર્થોની ઉપાસના વડે પ્રાણીઓનું જે પાપ નાશ પામે છે તે શ્રીકલ્પસૂત્રના શ્રવણથી નાશ પામી જાય છે. ૨૮

ખરેખર મુક્તિથી શ્રેષ્ઠ કોઈ સ્થાન નથી, શત્રુંજયથી શ્રેષ્ઠ કોઈ તીર્થ નથી, સમ્યગ્દર્શનથી ચડીયાતું કોઈ તત્ત્વ નથી અને શ્રીકલ્પસૂત્રથી અધિકું કોઈ શાસ્ત્ર નથી. ૨૯

દીપોત્સવ દિવસની અમાસના નિર્વાણ પામેલા શ્રીવીરપરમાત્મા અને પડવાને દિવસે કેવળજ્ઞાન પામેલા શ્રીગૌતમસ્વામીજીનું સ્મરણ કરવું જોઈએ. ૩૦

છઠ્ઠ (બે ઉપવાસ)કરી દીવાળી પર્વના દિવસે જે શ્રીગૌતમસ્વામીનું સ્મરણ કરે છે તે આ ભવ અને પરભવમાં મહાન ઉદયને પામે છે. ૩૧

પોતાના ગૃહચૈત્યમાં અને સંઘના ચૈત્યમાં વિધિથી શ્રીજિનેશ્વરની પૂજા અને મંગળ દીવો કરી સ્વજન-બંધુઓ સાથે ભોજન કરવું. ૩૨

શ્રીજિનેશ્વરદેવોના કલ્યાણક વાળા પાંચે શ્રેષ્ઠ દિવસોમાં પોતાની શક્તિ અનુસાર જરૂરતમંદ યાચકોને યથોચિત દાન આપવું. ૩૩

આ પ્રમાણે સુપર્વમાં બતાવેલા ઉત્તમ કાર્યો અને સારા આચારના પ્રચારથી આશ્રવના સમૂહને આવવાના માર્ગને ઢાંકનારો અનેક પ્રકારની વિધિથી વધેલી શુદ્ધ બુદ્ધિવાળો એવો શ્રાવક ભોગ, સ્વર્ગસુખ અને મુક્તિસુખને પામે છે. ૩૪

## षष्ठो वर्गः ।

श्राद्धो विधाय सद्धर्मं, कर्मतो निवृत्तिं व्रजेत् ।
अतृप्तमानसः कुर्याद्धर्मकर्माणि नित्यशः ॥१॥

धर्मादधिगतैश्वर्यो, धर्ममेव निहन्ति यः ।
कथं शुभायतिर्भूयात्, स स्वामिद्रोहपातकी ॥२॥

दानशीलतपोभावभेदैर्धर्मं चतुर्विधम् ।
शुचिधीराराधयेद्यो, भुक्तिमुक्तिफलप्रदम् ॥३॥

देयं स्तोकादपि स्तोकं, न चापेक्ष्यो महोदयः ।
इच्छानुरूपोविभवः, कदा कस्य भविष्यति ॥४॥

ज्ञानवान् ज्ञानदानेन, निर्भयोऽभयदानतः ।
अन्नदानात् सुखी नित्यं, निर्व्याधिर्भेषजाद् भवेत् ॥५॥

कीर्तिः संजायते पुण्यात्, न दानादथ कीर्तये ।
कैश्चिद्वितीर्यते दानं, ज्ञेयं तद् व्यसनं बुधैः ॥६॥

व्याजैः स्याद्विगुणं वित्तं, व्यवसायैश्चतुर्गुणम् ।
क्षेत्रे शतगुणं प्रोक्तं, पात्रेऽनंतगुणं भवेत् ॥७॥

चैत्य-प्रतिमा-पुस्तक-श्रीसंघ-भेदयुक्तेषु ।
क्षेत्रेषु सप्तसु धनं, व्ययेद् भूरिफलाप्तये ॥८॥

## છટ્ઠો વર્ગ

સુધર્મને કરી શ્રાવક સાંસારિક કાર્યોથી નિવૃત્તિ પામે. સંતોષ રાખ્યા વિના હંમેશા ધર્મકાર્યો કરવા જોઈએ. ૧

ધર્મના પ્રભાવે ઐશ્વર્યને પામી, એ ધર્મને જ હણવાદ્વારા સ્વામીદ્રોહનું પાપ કરનાર પ્રાણીનું ભવિષ્ય સારું ક્યાંથી થાય ? ૨

શુદ્ધ બુદ્ધિવાળાએ ભોગ અને મોક્ષને આપનાર એવા દાન, શીલ, તપ અને ભાવ આ પ્રમાણે ચાર ભેદવાળા ધર્મને આરાધવો. ૩

મહાન લાભની અપેક્ષા રાખ્યા વિના થોડું હોય તો તેમાંથી પણ થોડું આપવું, કારણ કે આપણી ઇચ્છા પ્રમાણે વૈભવ તો કોને ક્યારે થાય ? ૪

હંમેશા, જ્ઞાન આપવાથી જ્ઞાની બને છે, અભયદાન આપવાથી પોતે નિર્ભય થાય છે, અન્નદાન કરવાથી સુખી થાય છે અને ઔષધનું દાન કરવાથી નિરોગી થાય છે. ૫

દાનથી નહિ પણ પુણ્યથી કીર્તિ થાય છે, કેટલાક કીર્તિને માટે દાન આપે છે. પંડિતો તેને કષ્ટરૂપ માને છે. ૬

વ્યાજથી ધન બમણું થાય, વ્યવસાય વડે ચાર ગણું થાય, ખેતરમાં રોકવાથી સો ગણું થાય જ્યારે સુપાત્રમાં આપવાથી અનંતગણું થાય. ૭

જિનમંદિર-જિનપ્રતિમા-જિનાગમ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ સંઘ આ સાત પ્રકારના ક્ષેત્રોમાં ઘણા ફળની પ્રાપ્તિ માટે ધનવ્યય કરવો જોઈએ. ૮

चैत्यं च कारयेद्धन्यो, जिनानां भक्तिभावितः ।
तत्परमाणुसंख्यानि, पल्यान्येष सुरो भवेत् ॥९॥

यत्कारितं चैत्यगृहं, तिष्ठेद्यावद्दिनानि हि ।
स तत्समयसंख्यानि, वर्षाणि त्रिदशो भवेत् ॥१०॥

सुवर्णरूप्यपाषाणरत्नलेपमयीमपि ।
कारयत्यर्हतां मूर्तिं, स वै तीर्थकरो भवेत् ॥११॥

अंगुष्ठमात्रामपि यः, प्रतिमां परमेष्ठिनः ।
कारयेदाप्य शक्रत्वं स लभेत्पदमव्ययम् ॥१२॥

धर्मद्रुमूलं स्याच्छास्त्रं, जानन् मोक्षफलप्रदम् ।
लेखयेद्वाचयेद्यच्च, श्रृणुयाद् भावशुद्धिकृत् ॥१३॥

लेखयित्वा च शास्त्राणि यो गुणिभ्यः प्रयच्छति ।
तन्मात्राक्षरसंख्यानि, वर्षाणि त्रिदशो भवेत् ॥१४॥

ज्ञानभक्तिं विधत्ते, यो ज्ञानविज्ञानशोभितः ।
प्राप्नोति स नरः प्रान्ते, केवलिपदमव्ययम् ॥१५॥

निदानं सर्वसौख्यानामन्नपानं विभावयन् ।
साधर्मिकाणां वात्सल्यं, कुर्याद् भक्त्या समां प्रति ॥१६॥

वात्सल्यं बंधुमुख्यानां, संसारार्णववर्धनं ।
तदेव समधर्माणां, संसारोदधितारकम् ॥१७॥

શ્રીજિનેશ્વરની ભક્તિથી ભાવિત બનેલા ધન્ય પુરુષે જિનાલય બનાવવું જોઈએ, તે જિનાલયના પરમાણુઓની સંખ્યા જેટલા પલ્યોપમ સુધી (ના આયુવાળો) તે વ્યક્તિ દેવ થાય છે. ૯

બનાવેલું જે દેરાસર જેટલા દિવસ સુધી રહે, તેટલા દિવસોના જેટલા સમયો હોય, તેટલા વર્ષોસુધી (ના આયુવાળો) તે (બનાવનાર) દેવ થાય છે. ૧૦

શ્રીઅરિહંતની સોનાની, ચાંદીની, પાષાણની, રત્નની અને લેપવાળી પણ મૂર્તિ જે બનાવરાવે છે તે તીર્થંકર થાય છે. ૧૧

શ્રીપરમેષ્ઠિની અંગુલ પ્રમાણની પણ પ્રતિમા કરાવનારો ઈંદ્રત્વ પામી મોક્ષ પામે છે. ૧૨

'શાસ્ત્ર એ ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે અને મોક્ષફળને આપનાર છે,' એમ જાણનારે ભાવની શુદ્ધિને કરનાર એવા શાસ્ત્રને લખવા, વાંચવા અને સાંભળવા. ૧૩

શાસ્ત્રોને લખાવીને જે ગુણવાનને અર્પણ કરે છે તે વ્યક્તિ તે શાસ્ત્રમાં રહેલા અક્ષરોની જેટલી માત્રાઓ હોય તેટલા વર્ષો સુધી (ના આયુવાળો) દેવ થાય. ૧૪

જ્ઞાન અને વિજ્ઞાનથી શોભિત એવો જે પુરુષ જ્ઞાનની ભક્તિ કરે છે, તે અંતે અક્ષય એવા કેવલિપદને પામે છે. ૧૫

સર્વ સુખનું કારણ અન્નપાન છે એમ વિચારી ભક્તિથી સમાનધર્મવાળાનું સાધર્મિક-વાત્સલ્ય કરવું. ૧૬

ભાઈ વિ. સ્વજનોની ભક્તિ તો સંસારરૂપી સમુદ્રને વધારે છે જ્યારે સમાન ધર્મવાળા સાધર્મિકોની ભક્તિ સંસાર સમુદ્રથી તારનારી છે. ૧૭

प्रतिवर्षं संघपूजां, शक्त्या कुर्याद्विवेकवान् ।
प्राशुकानि श्रीगुरुभ्यो, देयाद् वस्त्राणि भक्तितः ॥१८॥

वसत्यशनपानानि, पात्रवस्त्रौषधानि च ।
चेन्न पर्याप्तविभवो, देयात्तदपि शक्तितः ॥१९॥

सत्पात्रे दीयते दानं, दीयमानं न हीयते ।
कूपारामगवां दानाद्ददतामेव संपदः ॥२०॥

प्रदत्तस्य च भुक्तस्य, दृश्यते महदन्तरम् ।
प्रभुक्तं जायते वर्चो, दत्तं भवति चाक्षयम् ॥२१॥

आयासशतलब्धस्य, प्राणेभ्योपि गरीयसः ।
दानमेकैव वित्तस्य, गतिरन्या विपत्तये ॥२२॥

क्षेत्रेषु सप्तसु ददन्न्यायोपात्तं निजं धनम् ।
साफल्यं कुरुते श्राद्धो, निजयोर्धनजन्मनोः ॥२३॥

इति श्रीरत्नसिंहसूरिशिष्यचारित्रसुंदरगणिविरचिते
श्रीआचारोपदेशे षष्ठो वर्गः संपूर्णः ।

॥ इति श्रीआचारोपदेशः समाप्तः ॥
॥ शुभं भवतु श्री संघस्य ॥

વિવેકી પુરુષ પ્રતિવર્ષે શક્તિ પ્રમાણે ચતુર્વિધ શ્રીસંઘની પૂજા કરે અને ગુરુભગવંતોને ભક્તિથી નિર્દોષ વસ્ત્રો વહોરાવે. ૧૮

વસતિ, અન્ન, પાણી, પાત્રાદિ ઉપકરણો અને ઔષધ અર્પણ કરવું, જો તેની પર્યાપ્ત શક્તિ ન હોય તો જેટલી શક્તિ હોય તે પ્રમાણે પણ આપવું. ૧૯

કુવો, બગીચો, ગાય વિ. દાન આપવાથી આપનારને જ સંપત્તિ પ્રાપ્ત થાય છે તો સુપાત્રમાં જે દાન અપાય છે તે આપવાથી સંપત્તિ ઘટતી નથી, પરંતુ વધે છે. ૨૦

દાનમાં આપવું અને જાતે ભોગવવું આ બેમાં મોટું અંતર છે. ખાધેલું વિષ્ટા બને છે જ્યારે દાનમાં આપેલું અક્ષય બને છે. ૨૧

સેંકડો પ્રયત્નો પછી મેળવેલ, પ્રાણથી પણ અધિક ગણાતા એવા ધનની દાનમાં વાપરવું એ જ એક ગતિ છે. બીજી ગતિ તો વિપત્તિ માટે થાય છે. ૨૨

(અર્થાત્ ધન દાનમાં વાપરવાથી શ્રેય આપે અને ભોગમાં વાપરવાથી સંકટ આપે છે)

ન્યાયનીતિથી મેળવેલ પોતાનું ધન જે શ્રાવક સાતે ક્ષેત્રમાં આપે છે તે પોતાના ધનને અને જન્મને સફળ કરે છે. ૨૩

આ પ્રમાણે આચાર્ય શ્રીરત્નસિંહસૂરિના શિષ્ય શ્રીચારિત્રસુંદરગણી વિરચિત શ્રીઆચારોપદેશ ગ્રંથ પૂર્ણ થયો.

॥ શુભં ભવતુ શ્રી સંઘસ્ય ॥
॥ સકલ સંઘનું કલ્યાણ થાઓ ॥

# પૂજ્ય પિતાશ્રીની જીવન ઝરમર

'સોનારી ધરતી જઠે હે ચોંદી રો આસમાન'ની ઉક્તિને સાર્થક કરતા મરૂધર પ્રદેશમાં આવેલ ઉદારતાની મહેંકથી પ્રસિદ્ધ ગોડવાડ પ્રાંત અને તેમાંય પ્રાચીન અનેક તીર્થોની છાયાથી પુનિત બનેલા બેડા ગામમાં માતાશ્રી **સુમટાદેવી** અને પિતાશ્રી **રાયચંદજી**ના પુત્રરૂપે જન્મેલા **શ્રી પુખરાજજી**એ બાલ્યકાળથી જ સ્વજીવનને સંસ્કારવાસિત કર્યું. પિતા સાથે અમદાવાદ આવી અર્થ ઉપાર્જન કર્યું. વચનસિદ્ધ પૂ. આ. શ્રી વિજય **સિધ્ધિસૂરીશ્વર (બાપજી) મહારાજા** તેમજ કળિકાળ કલ્પતરુ સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ની અમોઘ ધર્મદેશનાનું શ્રવણ કરી જીવનને ધર્મસન્મુખ કર્યું. પૂજ્ય પિતાશ્રીને પણ સુયોગ્ય વયમાં નિવૃત્તિ અપાવી ધર્મધ્યાન કરવાની સુંદર અનુકૂળતા પૂરી કરી આપી. મિલનસાર સ્વભાવ અને મૈત્રી-કારુણ્યતાભર્યો ઉદારતાનો ભાવ આ બે મુખ્ય ગુણોના કારણે સર્વત્ર જનપ્રિય બન્યાં.

પૂજ્યોની સમયસર સુંદર પ્રેરણાને ઝીલી જીવનને સમજપૂર્વકના તપોનુષ્ઠાનમય બનાવ્યું. વીશસ્થાનક તપ-ઉપધાન તપ-બે વર્ષીતપ - સિદ્ધગિરિની નવાણું યાત્રાઓ - છેલ્લા પચાસેક વર્ષથી આસો ચૈત્ર માસની શાશ્વતી ઓળીની વિધિપૂર્વક આરાધના પર્વાધિરાજમાં ચોસઠ પ્રહરી પૌષધ અને દર ચૌદસ પૂનમનો છઠ, છેલ્લા ઘણા વર્ષોથી બેસણાં આદિ અનેકવિધ તપશ્ચર્યાથી કર્મમૂળને ઉખેડવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો હતો.

પોતે આરાધના કરતાં તેમ સદ્‌ગુરુ ભગવંતોની પુણ્યનિશ્રામાં અનેક પુણ્યાત્માઓને મુક્તિમાર્ગની સુંદર આરાધના-સાધના કરાવવામાં પણ એમણે પોતાને મળેલી લક્ષ્મીનો પ્રશસ્ત વ્યય કર્યો હતો. જેની સાક્ષીરૂપે :

પ.પૂજ્ય અધ્યાત્મયોગી **પં. શ્રી ભદ્રંકર વિ.** મ.સા.નો ધર્મજીવનના પાયામાં નીવ નાંખવાનો અનન્ય ઉપકારક રહ્યો છે.

સં. ૨૦૧૬માં બેડામાં પૂ.પં. **શ્રી ભદ્રંકર વિજયજી મ.**ની નિશ્રામાં ૬૨૫ આરાધકોને ઉપધાન તપ કરાવેલ જેની માળના પ્રસંગે પૂ. આ. વિ. **પ્રેમસૂરીશ્વરજી મહારાજા** પધાર્યા હતા.

સં. ૨૦૨૬માં પૂ. પં. **શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.**ની પ્રેરણાથી ૭૫૦ યાત્રિકોને કેશરિયાજી, રાણકપુર, કરેડાજી, દયાળશાહ કિલ્લો વિ. તીર્થોની યાત્રા કરાવી તેમજ સં. ૨૦૨૭માં સિદ્ધગિરિ પર ૧૨૫ આરાધકો સાથે 'ભવપૂજા' કરાવી હતી.

સં. ૨૦૩૦માં પૂ. આ. **શ્રી વિ. ભુવનભાનુ સૂરીશ્વરજી મ.**ની નિશ્રામાં ૬૫૦ આરાધકોને સાબરમતીથી સિદ્ધાચલ મહાતીર્થની ૬'રિ પાલક યાત્રા કરાવી હતી.

સં. ૨૦૩૫માં પૂ. આ. **શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.**ની નિશ્રામાં આબુ તીર્થમાં ત્રણ દેવી નિર્માણનો લાભ લીધો હતો.

સં. ૨૦૩૬માં પૂ. આ. **શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.**ની નિશ્રામાં બેડામાં ૩૧ છોડનું ઉધાપન કરાવ્યું હતું. તેજ સમયે નાણસમક્ષ વિધિપૂર્વક ચતુર્થ વ્રત ગ્રહણ કરી અન્ય વ્રત ધારીઓનું બહુમાન કર્યું હતું.

સં. ૨૦૩૭માં પૂ. **આ. શ્રી. વિ. ભુવનભાનુ સૂરીશ્વરજી મ.** તથા પૂ. પં. **શ્રી રત્નસુંદર વિજયજી મ.**ની નિશ્રામાં સાબરમતીમાં ૭૫૦ આરાધકોને ચૈત્રીઓળી કરાવી.

સં. ૨૦૩૯માં પૂ. આ. **શ્રી. વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**નો ભવ્ય નગર પ્રવેશ-સ્વામી વાત્સલ્ય કરાવ્યું.

સં. ૨૦૪૩માં **'પુખરાજ રાયચંદ આરાધના ભવન'** ઉપાશ્રયનું સ્વદ્રવ્યથી નિર્માણ કરાવી, મુક્તિના લક્ષ-પક્ષ પૂર્વકની આરાધનાની પરબ ખોલી, ત્યારાબાદ દર વર્ષે સુવિહીત મહાત્માઓના ચાતુર્માસ કરાવ્યાં.

પુખરાજ રાયચંદ આરાધના ભવનની સામે અમારા માતૃશ્રીના નામે **'કંકુ પગલા'** (કંકુબેન પુખરાજ) સાધના ભવનનું નિમાર્ણ કરાવ્યું.

સં. ૨૦૪૭માં પૂ.આ.**શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**નું ભવ્ય નગર પ્રવેશ પૂર્વક ચાતુર્માસ કરાવ્યું. વિધિયોગે પૂજ્ય શ્રીનું આ અંતિમ ચાર્તુમાસ રહ્યું.

તેમની ભાવના મુજબ **'સૂરિરામ'**ની સમાધિ ભૂમી - રામનગર - સાબરમતીથી શ્રી શંખેશ્વર મહાતીર્થ છ'રિ પાલક યાત્રા સંઘનું પ્રયાણ ફાગણ સુદ-૧૦ બુધવાર તા.૨૮-૨-૯૬ના રોજ ૧૨૦૦ આરાધકોને યાત્રા કરાવી સાથે તેમના જન્મ દિવસે ફાગણ વદ-૩ શુક્રવારે શંખેશ્વરતીર્થમાં પ્રવેશ તથા દાદા રાયચંદજીની પુણ્યતિથી ફાગણ વદ-૪ના રોજ સંઘમાળનો પ્રસંગ તપસ્વી સમ્રાટ પૂ. આ. શ્રી વિ. **રાજતિલક સૂરીશ્વરજી મહારાજા** સુવિશાલ ગચ્છાધિપતિ. પૂ. આ. શ્રીમદ્ વિજય **મહોદય સૂરીશ્વરજી મહારાજા** તથા અગ્યાર - અગ્યાર આચાર્યદેવો - મુનિભગવંતો તથા સાધ્વીજી ભગવંતોની તારક નિશ્રામાં સંપન્ન થયો.

પ્રતિદિન પાંચેક સામાયિક ઉપાશ્રયે જઈને કરતાં. આ ટેક અંતિમ સમય સુધી જાળવી. તદુપરાંત પ્રતિક્રમણ - પ્રભુપૂજન - તિથિએ પૌષધ વિ. અનેકવિધ શ્રાવક જીવન યોગ્ય આરાધનાઓ કરતા. છેલ્લે સાબરમતીથી શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રિ પાલક શ્રી સંઘનું મુહૂર્ત પણ પૂજ્યો પાસે લીધું હતું. પણ તે કાર્ય સંપન્ન થાય તે પૂર્વે જ વિ. સં. ૨૦૫૨ના કા.વ. ૧૦ + ૧૧ શનિવાર તા. ૧૮-૧૧-૯૫ના દિવસે અરિહંત - અરિહંતના ઉચ્ચારણ સાથે ધર્મ-કર્મભૂમિ સાબરમતીમાં તેઓ શ્રી સ્વર્ગવાસી બન્યાં.

**શાશનપ્રભાવના અનેક વિધ કાર્યોના મનોરથો સેવતા સ્વર્ગવાસી બનેલા તેઓશ્રી જ્યાં હશે ત્યાં શાસનની આરાધના જ કરતા હશે. તેઓશ્રી અમ સૌને પણ એવા સુંદર કાર્યો કરવા માટે પ્રેરક બળ પુરું પાડે એજ અભ્યર્થના.**

**– શા. પુખરાજ રાયચંદ પરિવાર**



# સ્વ. પુખરાજ રાયચંદ શાહ

જન્મ : વિ. સં. ૧૯૭૪, ફાગણ વદ-૩

સ્વર્ગવાસ : વિ. સં. ૨૦૫૨, કારતક વદ-૧૦/૧૧

કુંકુબેન પુખરાજ સાધના કેન્દ્ર, સાબરમતી




પ્રકાશક : શાહ પુખરાજ રાયચંદ પરિવાર